શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૧૯

મુંબઇઃ ૧ ફેબ્રુઆરી ૧૯૪૪ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૨

## આચારનો અત્યાચાર

(કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કેટલાક મનનીય લેખોનો શ્રી નગીનદાસ પારેખે અનુવાદ કર્યો છે અને તે ધી મહાગુજરાત પબ્લીશીંગ કંપની તરફથી 'પૂર્વ અને પશ્ચિમ' એ નામથી પ્રગટ થયેલ છે. તેમાંથી નીચેનો લેખ જે કવિવર ટાગોરે ઈ. સ. ૧૯૦૨માં લખેલો તે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. પ્રસ્તુત લેખમાં કડા, ક્રાન્તિ, કાક, દંતિ, અને તિલ શબ્દો આવે છે. કડા એટલે કોડી. અગાઉ નાણાં તરીકે એ ક્રયવિનિમય થતો. તે [illegible] આ બધાં શબ્દો છે. પહેલાંના વખતમાં કોડીનું ચલણ હતું અને પાઈની ૭ કોડી એ હિસાબે ક્રયવિનિમય થતો. ૧ કડા (કોડી)=૩ ક્રાન્તિ=૪ કાક=૬ દંતિ=૮૦ તિલ. આ ગણતરી ઉપરથી તે તે શબ્દોના સૂચિત અંશો લેવાતી દેવાતી. પરમાનંદ)

"અંગ્રેજીમાં પાઉંડ છે, શિલિંગ છે, પેની છે, ફાર્થિંગ છે. આપણે ત્યાં રૂપિયા છે, આના છે, કડા છે, ક્રાંતિ છે, દન્તિ છે, કાક છે, તિલ છે.......અંગ્રેજ અને બીજી પ્રજાઓ નાના નાના ભાગોને હિસાબમાં લેતી નથી; આપણે નાના નાના ભાગોનો હિસાબ પણ રાખીએ છીએ, છોડતા નથી.......હિંદુ કહે છે કે ધર્મ-જગતમાં પણ કડાક્રાંતિનો વિચાર કરવાનો હોય છે, સ્વયં ભગવાન કડાક્રાંતિ પણ છોડી દેતા નથી. એટલે જ કદાચ હિંદુઓએ સામાજીક અનુષ્ઠાનમાં પણ કાક ક્રાંતિ સુદ્ધાં છોડયાં નથી, કડાક્રાંતિનો પણ વિચાર તેઓ કરી ગયા છે ને તેનાં વિધિવિધાન પણ કરી ગયા છે."—સાહિત્ય, ૩ જો ભાગ, ૭ મો અંક.

બધી બાજુ સરખી રીતે સંભાળવી એ માણસને માટે દુઃસાધ્ય હોય છે. એટલા માટે માણસે કોઇ ને કોઇ બાબતમાં છૂટછાટ મૂકીને ચાલવું જ પડે છે.

કેવળ થિયરી—સિદ્ધાંતને જ જો વળગી રહેવાનું હોય તો તો તમે કડા, ક્રાંતિ, દન્તિ, કાક, સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ, ને સૂક્ષ્માતિ-સૂક્ષ્મ ટુકડા સુધ્ધાંને પણ ઘરમાં બેસીને, ધારી ગણિતના વિચિત્ર શાખાઓ ગણવા બેસો તો ચાલે, પણ કાર્યમાં ઉતરતાં જ અતિ સૂક્ષ્મ અંશોને છોડીને જ ચાલવું પડે છે. નહિ તો હિસાબ મેળવવામાંથી કામ કરવાનો વખત જ નહિ મળે.

કારણ, સીમારેખા તો કોઇક જગ્યાએ દોરવી જ પડવાની. તમે સૂક્ષ્મ હિસાબી હો, અને દન્તિ કાક સુધી હિસાબ ગણવા માંગતા હો તો તમારા કરતાં સૂક્ષ્મતર હિસાબી જરૂર કહી શકે કે કાક આગળ જ શા માટે અટકી જવું? વિધાતાની દૃષ્ટિ જો અનંત સૂક્ષ્મ છે, તો આપણા જીવનનો હિસાબ પણ અનંત સૂક્ષ્મની હદમાં જઇ પહોંચવો જોઇએ. નહિ તો તેમને પૂરેપૂરો સંતોષ નહિ થાય—તેઓ ક્ષમા નહિ કરે.

વિશુદ્ધ તર્કની દૃષ્ટિએ આની વિરૂદ્ધ કોઇ કશું કહી શકે એમ નથી—પણ કાર્યની દૃષ્ટિએ જોવા જઇએ તો હાથ જોડીને વિનીત સ્વરે આપણે કહીએ—"પ્રભુ, અમારી પાસે અનંત શક્તિ નથી એ તમે જાણો છો. અમારે કામ પણ કરવું પડે છે અને તમારી આગળ હિસાબ પણ આપવો પડે છે. અમારા જીવનનો સમય પણ અલ્પ છે અને સંસારનો માર્ગ પણ કઠિન છે. તમે અમને દેહ આપ્યો છે, મન આપ્યું છે, આત્મા આપ્યો છે, ક્ષુધા આપી છે, બુદ્ધિ આપી છે, પ્રેમ આપ્યો છે, અને એ બધા બોજા સાથે અમને સંસારના હજારો લોકોના અને હજારો વિષયોના વમળમાં નાખી દીધા છે. આ ઉપરાંત પાછા પંડિતો વળી ડર દેખાડે છે કે તમે હિંદુના દેવ ખુબ કઠોર છો, તમે કડા, ક્રાંતિ, દન્તિ, કાકનો હિસાબ પણ છોડતા નથી. એમ જો હોય તો તો હિંદુને સંસારના કોઇ સાચા કામમાં, માનવના કોઇ મહાન અનુષ્ઠાનમાં ભાગ લેવાનો વખત જ ન મળે. તો તો તમારા મોટા કાર્યમાં 'ગોટલી' મારી કેવળ તમારો ક્ષુદ્ર હિસાબ ગણગણ કરવો પડે. તમે જે શોભા—સૌંદર્ય—વૈચિત્ર્યમય સાગરામ્બરા પૃથ્વીમાં અમને મોકલ્યા છે, તે પૃથ્વીને તો પર્યટન કરીને જોવાય પણ નહિ. તમે જે ઉન્નત માનવવંશમાં અમને જન્મ આપ્યો છે, તે માનવોની સાથે સમ્યક્ પરિચય કરવો અને તેમનાં દુઃખનું મોચન કરવું, તેમની ઉન્નતિ સાધવા માટે વિવિધ પ્રયત્નો કરવા—એ તો અસાધ્ય થઇ પડે. કેવળ ક્ષુદ્ર પરિવારમાં, ક્ષુદ્ર ગામમાં બંધાઇ રહીને, ઘરખૂણે બેસીને ગતિશીલ વિપુલ માનવ-પ્રવાહ અને જગત સંસાર તરફ નજર પણ નાખ્યા સિવાય પોતાના ક્ષુદ્ર દૈનિક જીવનનાં કડા ક્રાંતિ ગણ્યા કરવાં પડે. આને નહિ અડું, તેનો પડછાયો નહિ લઉં, અમુકનું ખાઉં નહિ, અમુકની કન્યા ન લઉં, આ રીતે ઉઠીશ, તે રીતે બેસીશ, ટીકણી રીતે ચાલીશ, તિથિ, નક્ષત્ર, દિવસ, ક્ષણ, લગ્નનો વિચાર કરીને હાથ પગ ચલાવીશ, એમ કરી કરીને કર્મહીન ક્ષુદ્ર જીવનનાં ટુકડા ટુકડા કરી નાખી, રૂપીયાની બદામ કોડી કરીને મોટો ઢગલો બનાવવો, એજ શું અમારા જીવનનો ઉદ્દેશ છે? હે હિંદુના દેવતા! તમારી શું એવી આજ્ઞા છે કે અમે માત્ર 'હિંદુ' જ બનીએ, માણસ ન બનીએ?"

અંગ્રેજીમાં એક કહેવત છે—"પેની-વાઇઝ પાઉંડ ફુલીશ" બંગાળીમાં તેનો તરજુમો આમ થઇ શકે—કોડી છુટે નહીં, અને રૂપિયો દેખે નહિ. એટલે કે કોડી પર વધારે પડતું ધ્યાન રાખવા જતાં રૂપિયો જતો કરવો પડે. એનું પરિણામ એ આવે કે 'ટીટે વજની જેમ, પણ ગાંઠ સરકણી રહી જાય'—છીંદપર આવીને આંટા મારવામાં ઉણપ નહિ પણ ગાંઠ ઢીલી. આપણા દેશમાં પણ એવુંજ બન્યું છે. વિધિવ્યવસ્થા, આચાર વિચાર તરફ અતિશય ધ્યાન આપવા જતાં, મનુષ્યત્વનાં સ્વાધીન ઉચ્ચ અંગ તરફ અવહેલના કરવામાં આવી છે.

સામાજીક આચારથી માંડીને ધર્મનીતિની ક્રુર આજ્ઞાઓ સુધી બધામાં જ એક સરખી કડકાઇ કરવાને લીધે પરિણામ એ આવ્યું કે આપણા દેશમાં સમાજનીતિ ધીમે ધીમે સુદૃઢ અને કઠણ બની

ગઇ છે, પણ ધર્મનીતિ શિથિલ થતી જાય છે. કોઇ માણસ ગાય મારે તો તેને સમાજની સજા ભોગવવી પડે અને તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે, પણ માણસનું ખુન કરે તો પ્રાયશ્ચિત કર્યા વગર જ સમાજમાં સ્થાન પામે એવા દાખલાની કંઇ ખોટ નથી. રખેને હિન્દુ વિધાતાના હિસાબમાં કડાકાંતિની ભુલ પડે, એટલા માટે પિતા આઠ વરસની અંદરજ કન્યાને પરણાવી દે છે અને મોટી ઉમરે પરણાવે તો ન્યાતબહાર થાય છે. વિધાતાનો હિસાબ મેળવવાની બાબતમાં સમાજ જો આટલી બધી ઝીણી નજર રાખતો હોય, તો પેલો પિતા પોતાના ઉચ્છૃંખલ ચારિત્ર્યના સેંકડો દાખલા પૂરા પાડ્યા છતાં યે શા માટે સમાજમાં સ્વમાન જાળવીને રહી શકે છે? આ તે કાકદંતિનો હિસાબ કહેવાય? હું જો અસ્પૃશ્ય નીચ જાતને સ્પર્શ કરૂં, તો સમાજ મને તરતજ એ દંતિ હિસાબ વિષે સાવચેત કરે છે, પણ હું જો જુલમ કરીને એ નીચ જાતનાં બસબાર બેહાનમેહાન કરી નાખું, તો સમાજ મારી પાસે એ 'રૂપિયા'નો હિસાબ માગે છે ખરો? રોજ રોજ રાગ, દ્વેષ, લોભ, મોહ, મિથ્યાચરણ ધર્મનીતિના પાયાને ખોદી રહ્યાં છે, અને છતાં સ્નાન, તપ, વિધિવ્યવસ્થામાં તલભાર પણ ત્રુટિ પડતી નથી. આવું નથી નજરે પડતું?

હું એમ નથી કહેતો કે હિંદુ શાસ્ત્રમાં ધર્મનીતિ-મૂલક પાપને પાપ નથી કહ્યું, પરંતુ મનુષ્યકૃત સામાન્ય સામાજિક નિષેધોને પણ તેની સમાન કક્ષાના ગણવાથી સાચાં પાપની ગુરુતા સ્વાભાવિક રીતે જ ઓછી થઇ જાય છે. અત્યંત મોટી એઠનીમાં ઉંચનીચનો વિચાર મુશ્કેલ બની જાય છે. અસ્પૃશ્યને સ્પર્શ કરવો અને સમુદ્રયાત્રાથી માંડીને નરહત્યા સુધીમાં બધા પાપ ને અપાપ આપણાં દેશમાં ભેળસેળ થઇ ગયાં છે.

પાપનિવારણના પણ એવા જ સેંકડો સહેલા રસ્તા છે. આપણા પાપનો બોજો જેમ જોતજોતામાં વધી જાય છે, તેમ જ્યાં ત્યાં તેને ડુબાવી દેવાનાં પણ સ્થાન છે. ગંગામાં સ્નાન કરી આવ્યા એટલે શરીરનો મેલ અને નાનાં મોટાં બધાં પાપ ધોવાઇ ગયાં. જેમ રાજ્યમાં મોટી મરકી ચાલે ત્યારે દરેક મડદાને માટે જુદી જુદી ઘોર ખોદવી અશક્ય થઇ પડે છે અને અમીરથી માંડીને ફકીર સુધીના બધાને જ ઢગલો કરીને એકજ મોટા ખાડામાં નાખી દઇ સંક્ષેપમાં અંત્યેષ્ટિ સંસ્કાર પતાવવો પડે છે—તેમ આપણા દેશમાં ખાતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં એટલાં બધાં પાપ થાય છે કે દરેક પાપનું સ્વતંત્ર પ્રાયશ્ચિત કરવા જઇએ તો સમય જ નહિ મળે; એટલે થોડે થોડે વખતે એક સામટાં નાનાં મોટાં બધાં જ પાપોને ભેગાં કરી અતિ સંક્ષેપમાં એક સમાધિમાં નાખી આવવાં પડે છે. જેમ આંટા વળ્યા જેવા સખત તેમ ગાંઠ સરકણી.

આવી રીતે, પાપપુણ્ય એ મનના ધર્મ છે, એ વસ્તુ માણસ ધીમે ધીમે ભૂલી જાય છે. મંત્ર ભણવાથી, ડૂબકી મારવાથી, છાણ ખાવાથી પાપ નાશ પામે છે એવી માન્યતા સ્વીકારવી પડે છે. કારણ, માણસને જો માણસ તરીકે ન ગણીએ અને યંત્ર તરીકે ગણીએ તો તેના મનમાં પણ પોતે યંત્ર છે એવો ભ્રમ પેદા થાય છે. જો સામાન્ય લાભ નુકસાન, વેપાર રોજગાર સિવાય બીજા કોઇ પણ વિષયમાં તેને સ્વતંત્ર બુદ્ધિ ચલાવવાનો અવસર આપવામાં ન આવે—જો ઉઠવું, બેસવું, હાલવું, ચાલવું, આડવું, ખાવું—એ બધું પણ જો તેને માટે હદ બાંધી નક્કી થઇ ગયેલું હોય, તો માણસમાં જે એક સ્વતંત્ર માનસિક ધર્મ હોય છે, તે ધીમે ધીમે ભુલાતો જાય છે. પાપ પુણ્ય બધું જ યંત્રના ધર્મ છે એમ માનતાં મુશ્કેલી પડતી નથી અને તેનું પ્રાયશ્ચિત પણ યંત્રસાધ્ય લાગે છે.

પણ અતિ સૂક્ષ્મ તર્ક કહે છે કે જો માણસની સ્વતંત્ર બુદ્ધિ ઉપર સહેજ પણ આધાર રાખવામાં આવે તો દૈવયોગે કાકદંતિનો હિસાબ પણ ન મળે. કારણ માણસ ઠોકર ખાઇને શીખે છે—પણ સહેજ ઠોકર ખાતાં જ જો પાપ થઇ જતું હોય તો તેને શીખવાની તક આપ્યા વિના નાકમાં નાથ પહેરાવીને ચલાવવો એજ યુક્તિસંગત છે. છોકરાને ચાલતાં શીખવવું હોય તો પડવા દેવું જોઇએ. તેના કરતાં તેને ઘરડો થાય ત્યાં સુધી કેડે લઇને ફરવું એજ સારૂં, એમ કરીએ તો તે પડે પણ નહિ અને છતાં તેનું હરવાફરવાનું પણ ચાલુ રહે. ધૂળની એક કણ પણ જો લાગી તો હિંદુના દેવતા આગળ હિસાબ આપવો પડે છે. એટલે મનુષ્ય જીવનને તેલમાં નાખીને શીશામાં નીતિબુદ્ધિમની પ્રદર્શનીય વસ્તુરૂપે રાખી મુકવું એજ સલાહભર્યું છે.

એનું જ નામ—'કોડી છોડે નહિ ને રૂપિયો દેખે નહિ.' શું સાચવ્યું અને શું ખોયું? તેનો કોઇ વિચાર કરતું નથી. 'કવિકંકણ'માં વાણિજ્ય વિનિમયમાં આ પ્રમાણે લખ્યું છે.

"શુક્તાર બદલે મુક્તા દિબે ભેકાર બદલે ઘોડા."
(છીપને બદલે મોતી આપે ને દેડકાને બદલે ઘોડો)

આપણે પંડિતો એમા ચઢીને ખૂબ ચર્ચા કરીને છીપના બદલામાં મોતી આપવા તૈયાર થયા છીએ. જો માનસિક સ્વાધીનતા ન હોય તો પાપ પુણ્યનો કંઇ અર્થ જ રહેતો નથી. તે સ્વાધીનતાનો ભોગ આપી આપણે નામમાત્ર પુણ્યને નગદ ગણીને તિજોરીમાં ભર્યું છે.

પાપ પુણ્ય અને ઉત્થાનપતનમાં થઇને જ આપણું મનુષ્યત્વ ઉત્તરોત્તર પરિસ્ફુટ થતું જાય છે. સ્વાધીન ભાવે આપણે જે મેળવીએ છીએ તે જ આપણો સાચો લાભ હોય છે; અવિચારપૂર્વક બીજાની પાસેથી આપણે જે ગ્રહણ કરીએ છીએ તે આપણને પચતું નથી હોતું. ધૂળ કાદવમાં થઇને, આઘાત સંઘાતમાં થઇને, પતન-પરાભવને વટાવીને આગળ વધતાં વધતાં જે બળ સંચય કરીએ છીએ, તે બળ જ આપણું ચિરજીવનનું સાથી બની રહે છે. ધરતી ઉપર પગ મુક્યાં માંડ્યા વિના, દુગ્ધફેનશુભ્ર પુષ્પશય્યામાં શયાન રહીને હિંદુના દેવતા આગળ જીવનનો અતિ નિષ્કલંક હિસાબ તૈયાર કરી આપી શકાય—પણ તે હિસાબ એટલે શું? એક કોરૂંકટ ખાતું. તેમાં કલંક નહિ હોય અને આંકડો યે નહિ હોય. રખેને કડાકાંતિ કાકદંતિની ભૂલ પડે એ બીકે આવકજાવક કે સિલક કશું જ રાખવાનું નહિ.

નિર્દોષ સંપૂર્ણતા માણસને માટે નથી. કારણ, સંપૂર્ણતામાં એક પ્રકારની સમાપ્તિ રહેલી છે. માણસ આ જીવનમાં જ સમાપ્ત નથી. જેઓ પરલોક માનતા નથી, તેઓ પણ સ્વીકારશે કે એક જીવનમાં જ માણસની ઉન્નતિ-સંભાવના પુરી થઇ જતી નથી.

નીચલી શ્રેણીનાં પ્રાણીઓ જન્મતાંવેંત માનવશિશુ કરતાં વધારે પરિણત હોય છે. માનવશિશુ બિલકુલ અસહાય હોય છે. બકરીના બચ્ચાંને ચાલતા પહેલાં પડવું નથી પડતું. જો વિધાતા આગળ ચાલવાનો હિસાબ આપવાનો હોય તો બકરીનું બચ્ચું કાકદંતિ શુદ્ધનો હિસાબ મેળવી આપી શકે. પણ માણસના પતનની કોણ ગણના કરશે?

પ્રાણીઓના જીવનની મર્યાદા સંકુચિત હોય છે. તેઓ મોટે સુધી જઇને જ ઉન્નતિ કરતાં અટકી જાય છે—એટલા માટે આરંભકાળથી જ તેઓ શક્તિશાળી અને સમર્થ હોય છે. માણસના જીવનનો પરિધિ બહુ વિસ્તીર્ણ હોય છે, એટલે તે લાંબા વખત સુધી અપરિણત ને દુર્બળ રહે છે.

પ્રાણીઓ જે સ્વાભાવિક નિપુણતા લઇને જન્મે છે તેને અંગ્રેજીમાં 'ઇન્સ્ટિંક્ટ' કહે છે. ગુજરાતીમાં આપણે તેને સહજ—

છે. બીજી બાજુએ આવનાર નવાં મહારાણી કોઈના ઘરની ગૃહિણી હતાં અને આગળનાં સંસાર સંબંધે એક બાળકની માતા હતાં. 'રાજાને ગમતી રાણી, ગમે તેમ કરીને આણી'. પ્રસ્તુત લગ્નઘટના પાછળ આવોજ કોઈ ઇતિહાસ તરી આવે છે. હિંદુ આવું લગ્ન કેઈ થઈ શકે નહિ અને તે પછી તેની સાથે નામદાર ગાયકવાડ કાયદેસર લગ્ન કરી શકે નહિ. તેથી આજનાં નવાં મહારાણી આગળનાં ધણીથી છુટા થવા માટે મુસલમાન થયાં અને એ રીતે પરણેલા ધણીથી છુટાછેડા લીધા. વળી પાછી મુશ્કેલી. મુસલમાન ઓને હિંદુ રાજા શી રીતે પરણી શકે? તેથી પાછાં તે બાઈ હિંદુ થયાં. ધર્મનો ઉપયોગ આત્માની ઉન્નતિ અર્થે છે એમ કહેવામાં આવે છે. પણ તેજ ધર્મનો આટલો બધો ઐહિક ઉપયોગ છે અને પોતાના સ્વચ્છંદને પાર પાડવામાં પણ ધર્મ આટલો બધો મદદરૂપ થઈ શકે છે તે તો આ કીસ્સાથી જ જાણ્યું. કોઈની પરણેલી સ્ત્રી, આગલા ધણીથી થયેલા સંતાનની માતા, હિંદુમાંથી મુસલમાન, મુસલમાનમાંથી પાછી હિંદુ—એવી એક સ્ત્રી પોતાથી કોઈક રીતે ચઢિયાતી એક મહારાણીના નસીબ અને સ્થાનને ઠોકરે મારી ગાયકવાડનાં મહારાણી બને છે અને આજના ગાયકવાડ મહારાજ તે સ્વર્ગવાસી સયાજીરાવના ગાદી વારસ જે સયાજીરાવે શ્રી. ચીમનાબાઈ સાથે ગમે તેટલો અણબનાવ હતો એમ છતાં પણ એક ઉપર બીજી સ્ત્રી કરવાનો સ્વપ્ને પણ વિચાર કર્યો ન હતો અને જે સયાજીરાવે સામાજિક ક્ષેત્રમાં અનેક કાયદાઓ કરીને પોતાનું નામ અને કારકીર્દી ચિરકાળ માટે ઉજ્જવળ કરી હતી તે સયાજીરાવના ગાદીવારસ સર પ્રતાપસિંહરાવે આ ઘૃણાસ્પદ લગ્ન કરીને માત્ર પોતાની આગળની સ્ત્રીનો તેમ જ પોતાના સંતાનોનો દ્રોહ કર્યો છે એટલું જ નહિ પણ એક ઉપર બીજી સ્ત્રી થઈ ન શકે એવા રાજ્યના પોતે કરેલા કાયદાનું મનસ્વીપણે ઉલ્લંઘન કરીને રાજ્ય તેમ જ પ્રજા ઉભયનો મોટામાં મોટો વિદ્રોહ કર્યો છે. કમનસીબે ઇંગ્લંડ જેવું વડોદરાનું રાજ્ય બંધારણ નથી. ઇંગ્લંડની પ્રજા જેવી વડોદરાની પ્રજા સ્વતંત્રશાળી નથી. નહિ તો આવો નાલાયક રાજા આવું અપકૃત્ય કર્યા પછી વડોદરા રાજ્યના સિંહાસન ઉપર એક ઘડી પણ ટકી ન શકે અને પોતે સ્વેચ્છાએ એ સ્થાનનો ત્યાગ ન કરે તો પ્રજા તેને બે ઘડિમાં ફેંકીને ફેંકી દે. કમનસીબે હિંદુસ્થાનમાં દેશી રાજાઓ ભારે વિચિત્ર દરજ્જો ધરાવે છે. રાજકારણમાં તેઓ અંગ્રેજ સરકારના કેવળ ગુલામ છે પણ સામાજિક ક્ષેત્રમાં તેઓ ઉપરથી સુરક્ષિત હોઈને તેમજ નીચેના પ્રજાવર્ગ પ્રત્યે કેવળ બીનજવાબદાર હોઈને બીનઅંકુશ આખલાની માફક વર્તી શકે છે. તેઓમાંના બધા જ આવા હોય છે એમ કહેવાનો જરા પણ આશય નથી, પણ તેમના સ્વચ્છંદ કે મનસ્વીતા ઉપર સ્વાભાવિક અંકુશ રહે એવી પરિસ્થિતિનો આપણા કમનસીબે સર્વથા લોપ થયો છે અને એટલે જ આપણે ત્યાં ઉપર જણાવી તેવી શોચનીય ઘટનાઓ અવારનવાર બન્યા કરે છે.

## શ્રી મહાસુખભાઈ ચુનીલાલનું શોકજનક અવસાન.

વીસનગરવાસી શ્રી. મહાસુખભાઈ ચુનીલાલના ૬૭ વર્ષની ઉમ્મરે તા૦ ૨૩-૧-૪૪ ના રોજ નીપજેલ અવસાનની નોંધ લેતાં બહુ દિલગીરી થાય છે. શ્રી. મહાસુખભાઈ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં બાળદીક્ષાવિરોધી હીલચાલના એક પ્રખર પ્રચારક તરીકે ખુબ જાણીતા હતા. બાળદીક્ષાના અનર્થ સામે જોરશોરથી પોકાર ઉઠાવનાર અને તે સબંધમાં અવિરત પરિશ્રમ લઈને સંખ્યાબંધ લેખો તથા પત્રિકાઓ લખીને તેમજ ભાષણો કરીને જૈન સમાજનું ધ્યાન ખેંચનાર અને આંખ ઉઘાડનાર તેઓ સૌથી પહેલા હતા. સ્થિતિચુસ્ત વર્ગે તેમજ શિથિલાચારી આચાર્યોએ તેમને વગોવવામાં તેમજ હેરાન કરવામાં બાકી રાખી ન હોતી. એમ છતાં પણ તેમણે આ પ્રશ્નને પોતાનો બનાવ્યો હતો અને ગમે તેવી વિષમ પરિસ્થિતિનો તેમણે પુરી નિડરતા અને બહાદુરીથી સામનો કર્યો હતો. વડોદરા રાજ્યે બાળદીક્ષા અટકાયતનો જે ધારો કર્યો તેનું તેમણે મક્કમપણે સમર્થન કર્યું હતું. આ ઉપરાંત આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ એક પ્રતિનિધિ હતા. વડોદરા રાજ્યની ધારાસભાના તેઓ એક આગેવાન સભ્ય હતા. વીસનગરના જાહેર જીવનમાં તેમનું અગ્રસ્થાન હતું. ગુજરાતી સાહિત્ય પ્રત્યે તેઓ ઉંડી અભિરૂચિ ધરાવતા હતા. તેઓ સારા લેખક અને નવલકથાકાર હતા. 'અમૃત સરિતા' એ તેમની જાણીતી નવલકથા છે. વીસનગર વિષે વિપુલ માહીતી આપતું તેમણે એક સચિત્ર પુસ્તક રચ્યું હતું. આવી અનેકદેશીય પ્રવૃત્તિઓ સાથે જેમનો સંબંધ હતો અને જાહેર જીવન જેમનું શુદ્ધ, સેવાનિષ્ટ અને નિડરતાથી ભરેલું હતું તેવા શ્રી મહાસુખભાઈ ચુનીલાલના વિદેહ થવાથી જૈન સમાજને, ગુજરાતી સાહિત્યને તેમજ વડોદરા રાજ્યની પ્રજાને મોટી ખોટ પડી છે. પરમાત્મા તેમને પરમ શાન્તિ અર્પો!

## યજ્ઞ સમારંભમાં થનાર દશ લાખનું પાણી

દીલ્હી ખાતે એક મોટો યજ્ઞ સમારંભ યોજાઈ રહ્યો છે. આ યજ્ઞના ક્રિયા કાંડમાં ૧૧૦૦ પંડિત રોકાવાના છે અને આ યજ્ઞ સમારંભ ૧૧ દિવસ સુધી ચાલવાનો છે. સો યજ્ઞ કુંડો રચાવાના છે અને તેમાં પુષ્કળ ઘી, અનાજ તેમજ સાકરનો હોમ થવાનો છે. યજ્ઞકુંડ પાછળ ૬૦૦૦ ઇંટોનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ પ્રસંગે સંખ્યાબંધ લોકો યજ્ઞના દર્શને આવશે. તેમની સગવડ માટે જમના નદી ઉપર બે નવા કામચલાઉ પુલો બાંધવામાં આવ્યા છે. આ યજ્ઞમાં આશરે દશ લાખ રૂપીઆનો ધુમાડો થશે એવી વકી રાખવામાં આવશે. એક બાજુએ ખાવાપીવાની ચીજોની ભારે તંગી છે; બીજી બાજુએ ખાદ્ય પદાર્થોનો જ જંગી પાયા ઉપર હોમ થવાનો છે. રેશનના આ મુંઝવતા જમાનામાં સરકારે આ બધું કયી રીતે અને શા હિસાબે પુરું પાડયું હશે એ એક કોયડો છે અને જ્યારે ભુખમરો ચોતરફ પ્રજાને ભરખી રહ્યો છે અને જનતાનો આત્મા ભુખે દુઃખે ચીમળાઈ રહ્યો છે ત્યારે આવી ઉડાઉગીરીથી ભરેલું ધાર્મિક અનુષ્ઠાન આ દુનિયા ઉપર કયું સ્વર્ગ ઉતારવાનું છે એ કલ્પનામાં આવતું નથી. માણસો ભલે ભુખે મરે! જેને પેટ નથી અને ભુખ પણ નથી એવા દેવો તૃપ્ત થવા જ જોઈએ, જેને માનવતા સાથે કશી નિસબત નથી એવી ધાર્મિક ઘેલછાનાં આવાં ઉપહાસયોગ્ય અને ગ્લાનિજનક પ્રદર્શનો જ્યાં ત્યાં ભજવાયા જ કરે એ ભારે શોચનીય છે. ગયે વર્ષે જૈન સમાજે પાલીતાણા ખાતે આવું પ્રદર્શન કર્યું હતું. આ વર્ષે સનાતન ધર્મ સમાજ એ રસ્તે ચાલી રહેલ છે. હીનભાગી ભારતવર્ષમાં ન બને તેટલું ઓછું!

## સર શાન્તિદાસ આસકરણ અને નામદાર વાઇસરોયને પાર્ટી

મુંબઈના આ વર્ષના શરીફ સર શાન્તિદાસ આસકરણે હિંદના નામદાર વાઇસરાયના મુંબઈ ખાતેના આગમન દરમિયાન તેમના સન્માનાર્થે એક મોટી પાર્ટીનો સમારંભ યોજ્યો હતો અને તેમાં લગભગ પંદરસો મહેમાનોને નોતરવામાં આવ્યા હતા. અલબત આ પાર્ટીમાં નહોતા ખાદ્ય પદાર્થો કે નહોતું સુરાપાન—માત્ર વિવિધ પ્રકારના પેય પદાર્થોથી મહેમાનોએ સંતોષ માનવાનો

અનુસંધાન —

હતો. શરીફના હોદ્દા ઉપર સાધારણ રીતે કોઇ રાજ્યનિષ્ઠ શ્રીમંત આગેવાનની સરકાર દરવર્ષે નિમણુક કરે છે અને પોતાની રાજ્યનિષ્ઠા પ્રદર્શિત કરવાની આવા પ્રસંગે શરીફને તક આપવામાં આવે છે અને આવી તકને આવા શરીફો પોતાના જીવનના અસાધારણ લહાવા તરીકે ગણીને વધાવી લે છે. કહેવાય છે કે વાઇસરોય જેવો અંગ્રેજ સરકારનો વિશિષ્ટ પ્રતિનિધિ મુંબઇ નગરીને પોતાનાં પગલાંથી પાવન કરે ત્યારે મુંબઇ નગરીનો શરીફ એટલે કે નગરશેઠ વાઇસરોય સાહેબનું આમ સ્વાગત કરે એ કેઇ કાળથી ચાલી આવતો શિરસ્તો છે. પણ આ શિરસ્તો શું કોઇ એવું બંધન છે કે ગમે તેવા વિષમ સંયોગોમાં અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ એનું અનુપાલન થવું જ જોઇએ? આજે જ્યારે રાષ્ટ્રના શિરોમણિ નેતાઓ જેલમાં પુરાયલા પડ્યા છે અને જગદ્વંદ્ય મહાત્મા ગાંધીજી જીવતા દટાયા જેવી સ્થિતિમાં મૂકાયા છે, સરકારી દમનનીતિનો એકસરખો અમલ થઇ રહ્યો છે અને આખા દેશમાં કેવળ વટહુકમોથી રાજ્ય ચાલી રહ્યું છે—આ આખી રાજકીય બાજુ તો બાજુએ રહી પણ એક બાજુ ઘનઘોર વિશ્વયુદ્ધ ચાલી રહ્યું છે અને બીજી બાજુએ અસંખ્ય પ્રજાજનો માત્ર અન્નના અભાવે આ લોક છોડીને પરલોક સીધાવી રહ્યા છે, જ્યારે સામાન્ય પ્રજાગણ અંદરથી તેમજ બહારથી બળી રહેલ છે ત્યારે માત્ર રાષ્ટ્રીયભાવના ખાતર નહિ પણ માનવતા ખાતર પણ આવો ભવ્ય પાર્ટી સમારંભ મુલતવી રખાયો હત તો શું ખારું ખાટું થઇ જવાતું હતું? કોણ કહે છે હિંદુસ્થાનમાં રાજકીય મડાગાંઠ છે? કોણ કહે છે ગાંધી જેલમાં સડે છે તેની કોઇને જરા પણ પડી છે? કોણ કહે છે હિંદુસ્થાનમાં અંગ્રેજ સરકારના રાજ્યવહીવટ સંબંધી પ્રજાને જરા પણ અસંતોષ છે? એમ હોય તો વાઇસરોય માટે આવા ભવ્ય સન્માન સમારંભો આ ભૂમિ ઉપર કદિ પણ સંભવે ખરા? જ્યાં સુધી આ દેશમાં અમીચંદની પરંપરા જીવતી છે ત્યાં સુધી અંગ્રેજ સરકારનું હિંદ ઉપરનું સ્વામિત્વ સલામત છે! **પરમાનંદ.**

---

**એક ચર્ચાપત્ર** (પૃષ્ઠ ૧૬૫ થી ચાલુ)

થાળીઓ વધારવાના ઠરાવે હતો. એટલે સ્વાભાવિક રીતે ઉહાપોહ ઘણો થયો. આવા કેટલાક ભાઇઓ હજી પણ સ્થાનિક સંઘોની આગેવાની કે વહીવટ છોડી દે, સંઘમાં ક્લેશ કે મનદુઃખ થાય એવા પ્રસંગો ઉભા જ ન કરે તો પોતપોતાને માર્ગે જાય તેમાં કોઇને વાંધો નથી. આવી સ્થિતિ લાવવી તેમના હાથની જ વાત છે. શ્રી કાનજી મુનિ સ્થાનકવાસી સાધુ રહ્યા નથી અથવા તેમના તરફ આકર્ષિત ભાઇઓની થોડી માન્યતા પરિવર્તન થઇ છે તે માટે કોઇ તેમનો વિરોધ કરતું નથી. તેનો તાજો દાખલો સંતબાલનો છે. તેઓ સ્થાનકવાસી સાધુ રહ્યા નથી, તેમનું કેટલુંક વર્તન સાધુના આચારથી કેટલેક દરજ્જે જુદું છે. છતાં સંખ્યાબંધ સ્થાનકવાસી ભાઇઓ તેમના પ્રત્યે આદરથી જુએ છે, તેમની પ્રવૃત્તિઓમાં સાથ આપે છે, તેમના લખાણો જૈન પ્રકાશ છાપે છે. કારણ કે નથી તેઓ નવો પંથ સ્થાપવા નિકળ્યા કે નથી તેમના અનુયાયીઓ તેમને નામે સંઘમાં ક્લેશ કરાવતા કે તડ પડાવતા. તેઓ શાન્તિથી સમાજહિતની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

પણ હું તો એમ કહું છું કે કોન્ફરન્સના નિવેદનનો આ ભાગ કે જેના અર્થ વિષે આપણી વચ્ચે મતભેદ છે—પણ શું હોવું જોઇએ તે વિષે મોટે ભાગે આપણે એકમત છીએ—તે તો એ નિવેદનનો ગૌણ ભાગ છે. કેટલેક સ્થળે સ્થાનિક સંઘોમાં ઉત્પન્ન થયેલ તાત્કાલિક વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા સૂચવેલ અન્તિમ ઉપાય છે. તેનો દુરૂપયોગ ન થાય તે માટે કોન્ફરન્સ જાગૃત છે. સ્થાનકવાસી સમાજ પોતાનો હ્રાસ થાય તેવો ખોટનો વ્યાપાર નહિ કરે તેમ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

સૌથી મહત્વનો પ્રશ્ન કે જેને વિષે આપણી વચ્ચે કોઇ મતભેદ નથી તે તો એ છે કે શ્રી. કાનજી મુનિના વિચારો સમસ્ત જૈન સમાજને હાનિકારક છે અને સમાજને તેથી ચેતવવો રહ્યો. તેનો ચિરપરિણામી માર્ગ યોગ્ય પ્રચાર છે અને કોન્ફરન્સ તે જાણે છે. તેના નિવેદનનો અંતિમ ભાગ નીચે મુજબ છે.

"શ્રી કાનજી મુનિ તરફ જે ભાઇઓ અત્યારે આકર્ષાયા દેખાય છે, તેમાંનો મોટો ભાગ તેમના વિચારો જૈનધર્મના સિદ્ધાંતોથી કેટલા વિપરીત છે અને વ્યક્તિ અને સમાજને કેટલા હાનિકારક છે તે સમજ્યા હોય તેમ લાગતું નથી. આથી એમ લાગે છે કે એવા ભાઇઓને ઉન્માર્ગે દોરવાઇ જતા અટકાવવા માટે અને બીજાઓ તે તરફ ન આકર્ષાય એવી ચેતવણી માટે જૈનધર્મના સિદ્ધાંતોથી શ્રી કાનજી મુનિના વિચારો કેટલા વિપરીત છે તે બતાવવા કાઠિયાવાડ સ્થાનકવાસી સંઘ સમિતિએ જે પ્રચાર અને પ્રકાશન કાર્ય કર્યું છે તે પ્રવૃત્તિને આ જનરલ કમીટી આવકારે છે અને તે પ્રવૃત્તિને બનતી સહાય કરવાનું જનરલ કમીટી સ્વીકારે છે."

જૈન યુવક સંઘ આ કાર્યમાં પોતાનો ફાળો બરાબર આપશે તો કોન્ફરન્સના નિવેદનના એક ગૌણભાગની ચર્ચા કરવામાં તેણે જે સમય અને શક્તિ ખરચ્યા છે તે વ્યર્થ નહિ જાય.

મુંબઇ ૨૬-૧-૪૪ લી. સ્નેહાંકિત, **ચીમનલાલ શાહ**

## હસ્તઉદ્યોગ રાહત યોજના

**આજની અસાધારણ મોંઘવારીના વખતમાં તંગી અનુભવતી બહેનોને રાહત આપવાના હેતુથી શ્રી ભગિની સમાજ અને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલુ જાન્યુઆરી માસથી એક યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અનુસાર મુંબઇ અને પરાંઓમાં વસતી અને સુતર કાંતતી અને પોતાના કુટુંબના નિર્વાહ માટે મદદની અપેક્ષા ધરાવતી બહેનોને તેમણે પોતે કાંતેલ સુતરનું જે મહેનતાણું ચુકવવામાં આવે છે તેથી બમણું મહેનતાણું ચુકવવાનો કાલબાદેવી ઉપર આવેલ ખાદીભંડાર સાથે તેમ વીલેપારલેના ખાદીમંદિર સાથે પ્રબંધ કરવામાં આવ્યો છે. જે કોઇ બહેનને આ રાહતનો લાભ લેવાની અપેક્ષા હોય તેને નીચે જણાવેલ કોઈ પણ સ્થળેથી પાસ કાઢી આપવામાં આવશે.**

૧ ભગિની સમાજ કાર્યાલય.
રાવળ બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ.

૨ મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય.
રીલ્વર મેન્શન, ધનજી સ્ટ્રીટ.

૩ ખાદીભંડાર, કાલબાદેવી રોડ.

૪ ખાદીમંદિર, વીલેપારલે.

**આ બાબતના પાસ મેળવનાર બહેનને પોતાના હાથે કાંતેલ સુતરના કંતામણ બદલ ચાલુ ધોરણે જે રકમ આપવામાં આવે છે તેથી બમણી રકમ ખાદી ભંડાર (કાલબાદેવી રોડ) અથવા તો ખાદીમંદિર (વીલેપારલે) તરફથી ચુકવવામાં આવશે અને આ રાહતનો લાભ જે બહેનને જે તારીખે પાસ કાઢી આપવામાં આવ્યો હશે ત્યારથી ચાર મહીના સુધી મળશે. આ યોજનાનો વિના સંકોચે બને તેટલો લાભ લઇને પોતાના કુટુંબની મર્યાદિત આવકમાં થોડી ઘણી પુરવણી કરવા મુંબઇ અને પરાંની બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.**

હસ્તઉદ્યોગ રાહત સમિતિ.

## સંઘ સમાચાર

### શ્રી. મણિલાલ મોકમચંદ શાહની ઉદાર સખાવત સંઘને અપાયેલી રૂ. ૧૩૦૦૦ ની રકમ.

તા૦ ૨૪-૧-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભામાં શ્રી મણિલાલ મોકમચંદ શાહે નીચે જણાવ્યાં મુજબ ઉપયોગ કરવા માટે રૂ. ૧૩૦૦૦ ની રકમ સંઘને આપવા પોતાની ઇચ્છા દર્શાવી.

રૂા. ૧૦૦૦૦ સંઘના સાર્વજનિક પુસ્તકાલયના ચાલુ નિભાવ અને વિકાસ પાછળ ઉપયોગ કરવા માટે.

રૂા. ૨૦૦૦ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના પ્રગટ તેમજ અપ્રગટ લેખોમાંથી પસંદગી કરીને આશરે ૩૦૦ પાનાનું પુસ્તક સંઘ તરફથી પ્રગટ કરવા પાછળ રૂા. ૧૦૦૦ રોકવા, અને તેવી રીતે શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના પ્રગટ તેમજ અપ્રગટ લેખો તથા વાર્તાઓમાંથી પસંદગી કરીને આશરે ૩૦૦ પાનાનું પુસ્તક સંઘ તરફથી પ્રગટ કરવા પાછળ બીજા રૂ. ૧૦૦૦ રોકવા અને તે બન્ને પુસ્તકો સંઘના સભ્યો તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને ઓછી કીંમતે આપવા તેમજ બહાર પણ એ પુસ્તકોનું વેચાણ કરવું અને એ પુસ્તકો વેચાતાં જે રકમ પાછી મળે તેમાંથી સંઘ તરફથી પુસ્તકપ્રકાશન ખાતું શરૂ કરવું અને તે દ્વારા આજના જમાનાને અનુકુળ અને પ્રગતિશીલ વિચારોવાળું સાહિત્ય પ્રગટ કરવું.

રૂા. ૧૦૦૦ મુંબઈ પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો નર્સ થવાનો આશરે ચાર વર્ષનો અભ્યાસક્રમ પુરો કરીને નર્સનો ડીપ્લોમા મેળવવા ઇચ્છતી કોઇ પણ જૈન બ્હેનને દર માસે રૂા. ૨૦) ની શિષ્યવૃત્તિ આપવા પાછળ રૂા. ૧૦૦૦) નો ઉપયોગ કરવો.

સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહની સંઘને ઉપર મુજબ દાન આપવાની ઇચ્છાને સહર્ષ વધાવી લીધી અને આ રીતે સંઘની વાચનાલય-પુસ્તકાલય પ્રવૃત્તિને મજબુત બનાવવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહનો ઉપકાર માનવામાં આવ્યો હતો.

### શ્રી. મણિલાલ મોકમચંદ શાહને રૂા. ૧૦૦૦૦ ની થેલી આપવાનો નિર્ણય

તા. ૨૪-૧-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહે જૈન સમાજની તેમજ સંઘની જે અનેકવિધ સેવાઓ કરી છે તે ધ્યાનમાં લઇને તેમના મિત્રો, સ્નેહીઓ અને પ્રશંસકોના આદર ચિહ્નરૂપે રૂા. ૧૦૦૦૦ રકમ એકઠી કરીને થેલીના આકારમાં તેમને અર્પણ કરવાનો ઠરાવ કર્યો છે અને તે માટે સાત સભ્યોની એક સમિતિ નીમવામાં આવી છે, જેનું વિજ્ઞાપન પત્ર આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે અને તે ઉપરાંત શ્રી. મણિલાલ મોકમચંદ શાહનું નામ સંઘના વાચનાલય પુસ્તકાલય સાથે જોડવું અને તેમને સંઘના માનનીય મંત્રી નીમવા એવી સંઘની સામાન્ય સભાને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.

### વાચનાલય પુસ્તકાલય સમિતિના નવા મંત્રી

તા. ૧૨-૧-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભામાં વાચનાલય પુસ્તકાલય સમિતિના મંત્રી શ્રી ભોગીલાલ અમૃતલાલ ઝવેરીનું આવેલું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું અને તેમના સ્થાને શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનની નીમણુંક કરવામાં આવી હતી.

### સંઘની વાર્ષિક સામાન્ય સભા.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા પાયધુની ઉપર આવેલ ગોડીજીની ચાલમાં શ્રી. જૈ. શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં તા૦ ૬-૨-૪૪ રવિવારના રોજ બપોરે ૩ા વાગે મળશે. આ સભામાં વાર્ષિક વૃત્તાન્ત રજુ થશે તેમજ અન્ય કાર્યો ઉપરાંત સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિની ચુંટણી કરવામાં આવશે. સર્વે સભ્યોને વખતસર હાજર થવા વિનંતિ કરવામાં આવે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

---

**શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય**
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩. તા. ૨૪-૧-૪૪

**સુજ્ઞ મહાશય**

અવિનય વિજ્ઞપ્તિ કે મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી અને 'પ્રબુદ્ધ જૈન' ના તંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની આજ સુધીની જૈન તેમજ જૈનેતર સમાજની અનેકવિધ સેવાઓ ધ્યાનમાં લઇને શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ રૂ. ૧૦,૦૦૦)ની થેલી આવતા માર્ચ માસ પુરો થાય તે પહેલાં એકઠી કરીને તેમને અર્પણ કરવાનો ઠરાવ કર્યો છે. શ્રી મણિલાલ મોકમચંદ શાહ મુંબઇ જૈન યુવક સંઘના તો પ્રાણરૂપ છે અને તે સંઘને વિકસાવવામાં તેમણે તન, મન તેમજ ધનનો જે ફાળો આપ્યો છે તેનો આંક આંકવો શક્ય જ નથી. છેલ્લાં છેલ્લાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પુસ્તકાલયને રૂા. ૧૦,૦૦૦ની રકમ અર્પીને તેમજ બીજાં કાર્યો માટે રૂા. ૩,૦૦૦ આપીને આજ સુધીની તેમની સેવાઓ ઉપર તેમણે કળશ ચઢાવ્યો છે આ ઉપરાંત મુંબઇની જાણીતી જૈન સંસ્થાઓ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ, શ્રી શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ કન્યાશાળા, તેમજ અન્ય જૈન તેમજ જૈનેતર સંસ્થાઓની પણ તેમણે અનેક રીતે સેવા બજાવી છે તેમજ આર્થિક મદદો પણ આપી છે. જૈન યુવક પ્રવૃત્તિના તેઓ એક અપ્રતિમ સૂત્રધાર છે. આ ઉપરાંત રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં પણ તેમનો સેવાઓનો ફાળો નાનો સુનો નથી.

આપ શ્રી. મણિભાઇને અંગત ઓળખો છો અને તેમની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફગાર છો. શ્રી. મણિભાઇની આજસુધીના સેવાઓને અંગે તેમના વિષે જૈન જૈનેતર સમાજમાં જે આદરભાવ રહેલો છે તેને મૂર્ત સ્વરૂપ આપવાને લગતી યોજનાને આપ વધાવી લેશો એવી આશા છે. અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રી. મણિભાઇના કેટલાક અંગત સ્નેહીઓએ આ યોજના હાથ ધરવાનું નક્કી થવા સાથે છુટક છુટક આશરે રૂ. ૨૫૦૦) ની રકમ ભરી આપી છે. આ કાર્યમાં આપનો ફાળો મોકલી આપવા તેમજ શ્રી. મણિભાઇ સાથે સંબંધ ધરાવતા વર્ગમાંથી બને તેટલો ફાળો એકઠો કરવા અમો મણિભાઇ સન્માન સમિતિના સભ્યો આપને વિનંતિ કરીએ છીએ. આ બાબતનો જવાબ ઉપર જણાવેલ સરનામે લખી મોકલવા વિજ્ઞપ્તિ છે.

લી. આપના વિશ્વાસપાત્ર મિત્રો

| | |
|---|---|
| પરમાનંદ કુંવરજી કાપડીઆ | રતિલાલ ચીમનલાલ કોઠારી |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી |
| વ્રજલાલ ધરમચંદ મેઘાણી | પ્રવીણચંદ્ર હેમચંદ કાપડીઆ |
| અમીચંદ ખેમચંદ શાહ | મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ |

# શ્રી કાનજી મુનિ વિષે

## શ્રી. મું. જૈ. યુ. સંઘની કાર્યવાહક સમિતિનું નિવેદન

શ્રી કાનજી મુનિનાં જૈન ધર્મ વિષયક મન્તવ્યો અને પ્રવૃત્તિ સંબંધે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી નીચે મુજબ નિવેદન પ્રગટ કરવામાં આવે છે.

(૧) આજ સુધીમાં જૈન પરંપરા અનેક નાના મોટા ફાંટાઓમાં વહેંચાતી આવી છે. ફાંટાભેદનો આખો ઇતિહાસ એમ બતાવે છે કે તે તે ફાંટા કોઇ એવી તાત્ત્વિક વસ્તુને કારણે નથી થયા કે જે વ્યક્તિગત અથવા સામાજિક કલ્યાણનું આવશ્યક કારણ હોય. ઘણા ખરા ગચ્છો અને ફાંટાઓ ન જેવા ક્રિયાકાંડ અને ઉપાસનાભેદની આગ્રહી વૃત્તિમાંથી જન્મેલ છે. કોઈ ત્યાગી ગણાતી કે પંડિત મનાતી વ્યક્તિના મનમાં અમુક આચાર પરત્વે ખાસ વિચાર આવ્યો અને તેણે તે વિચાર ઉપર વાણીબળે, યુક્તિબળે કે ત્યાગબળે એટલો બધો વધારે પડતો ભાર મૂકયો કે જેને લીધે સ્વયં વિચાર કરવામાં અસમર્થ, શાસ્ત્રનો વાસ્તવિક મર્મ નહિ સમજનાર અને લાગવગમાં તણાઇ જનાર કેટલાયે ભાઇબહેનો નાની મોટી છાવણીમાં વહેંચાઇ ગયા. એના પરિણામે આગળ જતાં નિરર્થક સાબીત થયેલી એવી તે જ બાબતો પરત્વે ફાંટા વધતા જ ગયા. આને લીધે જૈન સમાજ ઘસાતો ગયો. તેણે ન વાપર્યું બુદ્ધિબળ કે ન પોષ્યું આધ્યાત્મિક બળ. બીજાં અનેક કારણોને લીધે જે કૌટુંબિક અને સામાજિક ભાવ છિન્નભિન્ન થયો છે તે બધાંએ કરતાં આ ફાંટા-ભેદે જૈન સમાજના શરીરને વધારે પ્રમાણમાં અને ઉંડે સુધી છિન્નભિન્ન કર્યું છે. આ નક્કર હકીકત છે. એવી સ્થિતિમાં શ્રી. કાનજી મુનિની સામાજિક અને આધ્યાત્મિક હિતથી વિમુખ એવી પ્રરૂપણા અને પ્રવૃત્તિ કોઇ પણ વિચારશીલ જૈન કે જૈનેતરને આવકારદાયક લાગે તેવી છે જ નહિ. તેથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ પોતાનો મક્કમ અભિપ્રાય વ્યક્ત કરે છે કે જે ભાઇઓ અને બહેનો સામાજિક તેમ જ આધ્યાત્મિક કલ્યાણના ઇચ્છુક હોય તેમણે આવા એક નવા ફાંટાને ઉત્તેજન આપી ઘસાયલા જૈન સમાજને વધારે ઘસાવામાં ભાગીદાર થવું યોગ્ય નથી તેમ જ માનવીજીવન સાથે કોઇ પણ મેળ ન હોય એવી આકાશપુષ્પ સમાન વાતોની પાછળ પડી જૈન સમાજને વધારે ઉપહાસપાત્ર બનવામાં નિમિત્ત થવું ઘટતું નથી.

(૨) જૈન ધર્મ મૂળમાં નિવૃત્તિ પ્રધાન છે. જ્યારે તેણે સમાજનું રૂપ ધારણ કર્યું ત્યારે તેના જીવનમાં નિવૃત્તિનો ભાસ હોવા છતાં પ્રવૃત્તિ જ મુખ્ય બનતી આવી. એક બાજુ પ્રવૃત્તિ વિના સંઘ અને સમાજનું જીવન અશક્ય અને બીજી બાજુ મૂળગત નિવૃત્તિની ભાવનાનું પ્રધાનપણું પણ છોડવું અશક્ય. આ મુંઝવણમાં નિવૃત્તિ અને પ્રવૃત્તિના કેટલાય ખોટા ખ્યાલો સમાજમાં સ્થિર થયા. આવા ખોટા ખ્યાલોથી બચી જવા વિશાળદૃષ્ટિ જૈન આચાર્યોએ નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિનું પૃથક્કરણ કર્યું; પણ જેમ સર્વત્ર બને છે તેમ જૈન સમાજમાં પણ આ બે દૃષ્ટિનો ભેદ સમજનાર અને સમજીને અમલમાં મૂકનાર વિરલ વ્યક્તિઓ જ પાકી છે. સામાન્ય વર્ગ કાં તો વ્યવહારની ભ્રામક કલ્પનામાં તણાઇ જાય છે અથવા તો નિશ્ચયની શુષ્ક બ્રહ્મવાર્તામાં ફસી જાય છે. જ્યારે જીવનમાં સાચો જ નિશ્ચય અંશે પણ પ્રગટ થાય છે ત્યારે તેનો વ્યવહારિક જીવન સાથે તેટલે અંશે સુમેળ સધાય જ છે. તેવીજ રીતે જ્યારે વ્યવહારિક જીવન ખરું અને પ્રમાણિક હોય છે ત્યારે તેમાં નિશ્ચયદૃષ્ટિ અનિવાર્યપણે હોય જ છે. સાચા નિશ્ચય અને સાચા વ્યવહાર વચ્ચે કદી વિરોધ હોતો જ નથી. એક સ્વસ્થ આત્મા છે તો બીજો સ્વસ્થ દેહ છે. આ વસ્તુ ચિરકાળથી જૈન શાસ્ત્રોમાં સુસ્પષ્ટ રીતે વર્ણવવામાં આવી છે અને જે વિચાર કરી શકે તેને દીવા જેવી સ્પષ્ટ ભાસે તેમ પણ છે. પણ આજે દુઃખે સાથે કહેવું પડે છે કે શ્રી. કાનજી મુનિ જે નિશ્ચયની વાતો કરે છે અને જે રીતે નિશ્ચયનો ઉપદેશ આપી કાંઇક નવું જ કહેતા હોય એમ પ્રરૂપે છે તે વાસ્તવિક રીતે નથી સાચી નિશ્ચય દૃષ્ટિ કે નથી સાચી વ્યવહાર દૃષ્ટિ. એમના ઉપદેશ અને લખાણોનો તટસ્થપણે વિચાર કરતાં એમાં અનેક ભ્રમણાઓનું અને વહેમનું પ્રાબલ્ય દેખાય છે. શ્રી કુંદકુંદાચાર્ય અને તેમની કોટિના અનેક વિદ્વાન દિગંબર અને શ્વેતાંબર શાસ્ત્રકારોની તેમ જ સ્વતંત્રપણે આધ્યાત્મિક વિચારો કરનાર જૈન સંતોની તત્ત્વપ્રરૂપણાના કસોટીએ કસતાં શ્રી કાનજી મુનિનો નિશ્ચયનય વિષેનો આગ્રહ કેવળ ભ્રામક અને અનેક વિસંગતિઓથી ભરેલો માલુમ પડે છે.

(૩) શ્રી કાનજી મુનિના કેટલાંક વિધાનો અને સમગ્ર વલણ સર્વ સાધનામાર્ગનું વિરોધી છે, એટલું જ નહિ પણ માનવસમાજની વ્યાપક ભાવનાને પ્રતિકૂળ જોવામાં આવે છે અને આજની કોઇ પણ સામાજિક કે પારમાર્થિક પ્રવૃત્તિને પોષક નથી એવો તેમનાં લખાણોનો વિચાર કરતાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિનો દૃઢ અભિપ્રાય બંધાયો છે અને તેથી આજના માનવસમાજની પ્રગતિને પોષનારી જે કાંઇ વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેને શ્રી કાનજી મુનિની વિચાર-પ્રરૂપણા સહાયક તો નથી, એટલું જ નહિ પણ અનેક પ્રત્યાઘાતી બળોનું અને પ્રગતિવિરોધી તત્ત્વોનું સમર્થન કરનારી છે એ બાબત તરફ જૈન સમાજનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

ઉપર જણાવેલ દૃષ્ટિબિંદુઓથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી. કાનજી મુનિની વર્તમાન પ્રવૃત્તિ અને તેમનાં મન્તવ્યો સામે પોતાનો વિરોધ રજુ કરે છે.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.**

**સંઘની રાહત પ્રવૃત્તિઃ** શ્રી મુંબઇ જૈન યુવક સંઘે શરૂ કરેલી રેશન તેમજ રોકડ રાહત આપવાને લગતી પ્રવૃત્તિનો આજે ૯૦ જૈન કુટુંબો લાભ લઇ રહ્યા છે. આ ઉપરાંત તા૦ ૧૫-૧૨-૬૩ ના અંકમાં પ્રગટ કરવામાં આવેલી હસ્ત ઉદ્યોગ રાહત પ્રવૃત્તિની શરૂઆત જાન્યુઆરીની પહેલી તારીખથી કરવામાં આવી છે. સંઘનું રાહત કાર્ય શરૂ કર્યાને આજે લગભગ ચાર માસ થવા આવ્યા છે અને તેનો લાભ અનેક ગરીબ જૈન કુટુંબોને મળી રહ્યો છે. સુતર કાંતામણને લગતી રાહત યોજના સાર્વજનિક છે અને તેનો પણ સારો લાભ લેવાશે એવી આશા રહે છે. રેશન તથા રોકડ રાહત પ્રવૃત્તિનો પ્રારંભ ચાર માસની અવધ બાંધીને શરૂ કર્યો હતો તેનો લાભ લેતા કેટલાક કુટુંબોની રાહત-મુદત થોડા વખતમાં પુરી થશે. તેમને રાહત આપવાનું કાર્ય ચાલુ રાખવું કે કેમ તે પ્રશ્નનો વિચાર સંઘની કાર્યવાહક સમિતિએ તુરતમાં કરવાનો રહે છે અને આ બાબતના નિર્ણયનો આધાર પ્રસ્તુત કાર્યમાં બહારથી કેટલી આર્થિક મદદ આવવા સંભવ છે તેના ઉપર રહે છે. આજ સુધી આ કાર્ય માટે નાણાંની માંગણી કરવામાં આવી નથી પણ હવે પ્રસ્તુત કાર્ય ચાલુ રાખવા તેમજ વિસ્તારવા માટે જાહેર જનતાના આર્થિક ટેકાની ખાસ જરૂર ઉભી થઇ છે.

**રતિલાલ ચીમનલાલ કોઠારી.**
**મંત્રી, રાહત સમિતિ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સર્વકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૨, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨૦

મુંબઈ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૪ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૩

## બાલશિક્ષણ—યોગ

(ભગિની સમાજના શ્રી એન. માળવી બાલમંદિરના તા. ૨૨-૨-૪૪ ના રોજ ઉજવાયેલા વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાનેથી શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઈએ એક મહત્વપૂર્ણ અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગૃહ અને શાળાના સુમેળ ઉપર જે ભાર મૂકવામાં આવ્યો છે અને તેને એક પ્રકારના 'યોગ' તરીકે વર્ણવવામાં આવ્યો છે તે હૈયી વધારે ધ્યાન ખેંચે તેવો વિષય છે. ભગિની સમાજના કાર્યકર્તાઓ તરફથી સાંપડેલી પ્રસ્તુત વ્યાખ્યાનની નકલ અહિં આભાર પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

જગતના ગંભીર ચિંતકોને સમજાતું જાય છે કે દેશનું કે જગતનું નવું સર્જન આર્થિક કે રાજકીય સુધારાનાં થીંગડાં દ્વારા નહિ, પણ વ્યક્તિઓની યથાયોગ્ય કેળવણી દ્વારા જ સાધી શકાય એમ છે અને વ્યક્તિઓની કેળવણીની વાત કરતાં, સહેજે સમજાય એમ છે કે એનો સર્વ આધાર બાળકની કેળવણી ઉપર છે. આ રીતે થતું નવીન નિર્માણ કદાપિ આશ્ચર્ય ચકિત કરે એવું ત્વરિત નહિ હોય, છતાં, તે પાયામાંથી હોઇ, તેની સ્થિરતા અને સચોટતા માટે બે મત હોઇ શકતા નથી. મલીન સ્પર્ધાના દૂષિત વાતાવરણથી દૂર રહી, જાતે જ નિર્માણ કરેલી, પણ સંયમ સાથેની સ્વતંત્રતા અને સ્વાશ્રયની પરિસ્થિતિમાં ઉછરેલાં બાળકો, પોતાના વ્યક્તિત્વમાં જે ઉત્તમ તત્ત્વો છે, તે પ્રકટ કરતાં થશે, ત્યારેજ સમાજ સાચી પ્રગતિ કરી શકશે.

આ સર્વ શકયતાઓ બાલકેળવણીની નૂતન દૃષ્ટિમાં રહેલી છે એમ મારું સ્પષ્ટ માનવું છે. પણ તે સાથે એટલું પણ સ્પષ્ટ છે કે કેવળ બાલમંદિર કાઢવાથી અને સાધનો વસાવવાથી, એ શકયતાઓ આપોઆપ સિદ્ધ થઇ જતી નથી. બાહ્ય સાધનો ઊભા કર્યાથી આપણે કૃતકૃત્ય થઇ જતાં નથી. શિક્ષકો અને સંચાલકો એમ માને કે સાધનોના શણગારથી નૂતન બાલ કેળવણીનાં અંકો ગતિમાન થઇ ગયાં અને માબાપ એમ માને કે આપણાં બાળકોને એકાદ બાલ મંદિરમાં મોકલીને આપણે ધન્ય બની ગયાં, તો એ વિચારસરણીમાં ભૂલ રહેલી છે એમ મને લાગે છે. જડ સાધનોમાં એવી કોઇ જ શક્તિ નથી કે જેથી ગંભીર મંથન વિના, નવીન કેળવણીનું નવનીત આપોઆપ ઉપર તરી આવે. સાધનોનો જો યોગ્ય ઉપયોગ કરવામાં ન આવે તો તે આડે માર્ગે દોરનારાં નીવડે એવો પૂરો ભય છે. આપણે જો સદા સાવધાન રહીએ તો, સાધનોમાં એવી એક પ્રકારની મોહિની રહેલી છે કે જેનાથી આપણને મિથ્યા ધન્યતા અનુભવવાનો નશો સહેજે ચઢે એમ છે. તેમાંથી બચવાને અને આપણા આદર્શની સિદ્ધિને માટે, દીર્ઘચિંતન, શાસ્ત્રીય પ્રયોગો, અને શિક્ષકો અને માબાપનો સાચો અને મોટો સહકાર તદ્દન આવશ્યક છે. આપણું સાધ્ય જેમ ઘણું ઉચ્ચ અને ક્રાન્તિકારી છે, તેમ તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પણ એટલાં જ કૃતિ અને એક પ્રકારના નવીન તપની અપેક્ષા રાખનારાં છે. નૂતન બાળ કેળવણીની દૃષ્ટિએ જે સાધનો મનાય છે તે કોઇ સામાન્ય અર્થમાં સમજવાના નથી. એ સાધનોની યોજના, તેનો શાસ્ત્રીય ઉપયોગ અને બાળકોનો અધિકારભેદ—એ સર્વની પછવાડે ક્રાન્તિકારી દૃષ્ટિ રહેલી છે અને એ ક્રાન્તિકારી દૃષ્ટિનું રહસ્ય પામવા માટે જે શક્તિની અપેક્ષા રહે છે તે તપ શબ્દથી વ્યંજિત થાય છે.

બાળકો બાલમંદિરમાં દિવસનો કેટલો સમય રહી શકે? દિવસના પાંચ છ કલાક બાદ કરતાં, બાકીનો સમય તેઓ પોતાને ઘેર જ ગાળે છે. તેઓ આમ, બાલમંદિર કરતાં, પોતાનાં મા બાપ અને કુટુંબી જનોના સંબંધમાં વિશેષ રહે છે. બાળકની, કે કોઇની પણ ચેતનાના વિભાગ થઇ શકતા નથી, કે જેથી, બાળક બાલમંદિરમાં કે અન્ય શાળામાં, માત્ર કેળવણી પામે, અને શાળાની બહાર, ઘર કે મહોલ્લામાં, તે અક્રિય બેસી રહે, અથવા તો આરામ લે. અમુક કલાકે ઘંટ વાગે, ને કેળવણી શરૂ થાય અને ફરી ઘંટ વાગતાં, તે પૂરી થાય, એવી રીતે બાળકનું કે કોઇનું પણ ચિત્ત તંત્ર ઘડાયું નથી. એમ, ચેતનાના કે કેળવણીના વિભાગ કરી શકાતા નથી. કેળવણી તો એક નિરંતર ચાલતી ક્રિયા છે. તેથી, ચેતના તેમજ કેળવણી, સમગ્ર રૂપે લેવાનાં છે. આથી આપણે માટે સ્પષ્ટ સમજવું આવશ્યક બને છે, કે ઘર કે બાલમંદિર તો શું પણ આપણા મહોલ્લા અને રસ્તામાં જતાં આવતાં માણસો, નજરે પડતાં સર્વ દૃશ્યો, આપણાં વિનોદનાં સાધનો, બાળકની નજરે પડતો સકળ મનુષ્ય વ્યવહાર.—એ સર્વ, બાળકેળવણીની દૃષ્ટિએ, એક બીજાને પૂરક બની રહેવાં જોઇએ. રસ્તામાં નજરે પડતાં દૃશ્યો, રસ્તે જતાં માણસોની વાતચીત, એ શું બાળકોનાં કુમળાં મગજ ઉપર અસર નહિ કરતાં હોય? ખરી રીતે તો, આપણો સમાજ સુશિક્ષિત અને સદા જાગૃત હોય, તો જાહેરમાં આપણે કે આપણાથી, એક પણ દૃશ્ય એવું પ્રકટ ન થવું જોઇએ, એક પણ શબ્દ એવો ન ઉચ્ચારાવો જોઇએ, કે જેની, બીજાઓ ઉપર, અને ખાસ કરીને બાળકો ઉપર, માઠી અસર થવા પામે. પણ અત્યારે તો એ શુભ દિનની માત્ર કલ્પના કરવાની રહે છે. મનુષ્યોના બાહ્ય વ્યવહારને, આ દૃષ્ટિએ નિયમિત કરવાની આપણી શક્તિ નથી. એ તો જ્યારે દરેક જણ, પોતાની જવાબદારી સમજનારું થાય ત્યારે બને. તેથી હાલ તો આપણે ગૃહ અને બાલમંદિરના વાતાવરણમાં નિયમન આણીને સંતોષ માનવાનો રહે છે. આ નિયમન, ગૃહ અને બાલમંદિર વચ્ચે દૃષ્ટિ અને આચરણની બાબતમાં એકતાનતા અને સુમેળ સાધીને જ આણી શકાય એમ છે. એક જ સૂર અને એક જ તાલથી, ગૃહ અને બાલમંદિરનું જીવનસંગીત ચાલવું જોઇએ. ગૃહ અને

શાળાના આ સુમેળને, યોગ નું ગૌરવભર્યું નામ ઘટે છે. હિંદુ તત્ત્વજ્ઞાનના પ્રસિદ્ધ યોગોમાં, આ યોગ ઉમેરીને, તેની સાધના કરવામાં આવે તો વ્યષ્ટિ અને સમષ્ટિના સમન્વયથી જીવનની સાર્થકતા સિદ્ધ કરી શકાય એ વિષે શંકા રહેતી નથી.

આ બાલમંદિરના શિક્ષકો માબાપ સાથે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરે છે, તે ઘણું જ સ્તુત્ય છે. આથી શિક્ષક અને માબાપ બન્ને બાળકની સર્વ પ્રવૃત્તિઓથી વાકેફ રહે છે અને એ રીતે બાળકને સમગ્રરૂપે સમજી શકાય છે. વિકસિત થતા બાલમાનસનો યોગ્ય દિશામાં વિકાસ થઈ રહે તે માટે તેના માનસનું જ્ઞાન, સૂક્ષ્મ અવલોકન અને અપાર સમભાવ એટલાં જ નહિ, પણ સાથે બાલમાનસ માટે સન્માન હોવું આવશ્યક છે. આ બાબતમાં શિક્ષકો તો ઘણે અંશે શાસ્ત્રસંપન્ન હોય છે અને પદ્ધતિથી પણ વાકેફ હોય છે. પણ સામાન્ય રીતે માતાપિતા તેમના નિત્યના બીજા વ્યવસાયોને લીધે તેમજ બાલકેળવણી યથાર્થ રીતે શું છે તે પ્રશ્નની ઉપેક્ષાને લીધે એટલે અંશે તૈયાર હોતાં નથી. પ્રથમ તો આ ઉપેક્ષા દૂર કરવાની છે. આપણે માબાપે સમજવાનું છે, કે બાળકેળવણી એ આપણું પણ કામ છે; અને આપણાં ઘરમાં પણ તે આપણે જાતેજ હાથ ધરવી જોઈએ છે. એ જોતાં, બાળકોને બાલમંદિરમાં મોકલવાના રહે છે જ. આ કેળવણીના ઉત્તમ પરિપાકને અર્થે, માબાપે ચીવટ અને સૂક્ષ્મતાથી એનો અભ્યાસ અને અવલોકન કર્યા વિના ચાલશે નહિ, એટલાથીજ આપણો ધારેલો અર્થ સિદ્ધ થશે નહિ. આ પદ્ધતિના અભ્યાસથી તેમજ શિક્ષકો સાથે સંપર્ક સાધવાથી આપણું કર્તવ્ય પરિપૂર્ણ થતું નથી. નૂતન બાળકેળવણીની ભાવના અને કલ્પનામાં અસાધારણ સર્જનશક્તિ રહેલી છે અને એ સર્જન તે કેવળ બાળકોનું નહિ, પણ સાથે સાથે માબાપનું પણ સર્જન થાય છે. બીજી રીતે કહીએ તો ગૃહ અને બાલમંદિરનો યોગ સાચી રીતે સધાય તે માટે માતા પિતાએ પ્રથમ પોતાની જાતને કેળવવી પડશે. નૂતન બાળકેળવણીના પાયામાં ગૃહ અને બાલમંદિરનો આવો યોગ વિરલ સ્થાન ભોગવે છે. બાળકની પાસેથી જ જે સ્વયંસ્ફુર્તિ, આત્મસ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને આત્મ-નિયમનની અપેક્ષા રાખીએ છીએ, તે પ્રથમ આપણા જીવનમાં પ્રકટ કરવાનો પ્રયત્ન કરવો પડશે. બાળકને મન ગૃહ અને બાલ-મંદિરનો ભેદ નથી. તેના બાલમાનસ ઉપર વ્યાપક રીતે આઘાત પ્રત્યાઘાત થવાજ કરે છે. તેથી આપણા ગૃહ જીવનમાં જોહુકમી, પરાશ્રય, નિયમહીનતા, અને દંભ પ્રવર્તતાં હશે તો નૂતન બાળ-કેળવણીનો પ્રયોગ નહિન પંગુ જ રહેવાનો. તેનું પરિણામ નિષ્ફળ જ રહેવાનું. આપણા વિચારમાં, વાણીમાં અને વર્તનમાં સંયમનો અભાવ હોય, કુટુમ્બ, પડોસી અને મિત્રો પ્રત્યેના આપણા સંબંધોમાં, ઢોંગ અને કૃત્રિમતા હોય, આપણે અસહિષ્ણુ હોઈએ, નોકર ચાકર ઉપર હરહંમેશ આધાર રાખનારાં હોઈએ, તેમના ઉપર દમામ ચલાવતાં હોઈએ, તો કઈ રીતે આપણે આશા રાખી શકીએ કે બાલમંદિરમાં જ જઈને આપણાં બાળકોમાં સ્વયંસ્ફુર્તિ, સ્વાશ્રય, નિયમન અને સ્વભાવની સરળતા આવે? નાનાં બાળકો પણ બહુ ચતુર–shrewd–હોય છે. ગૃહ કે શાળામાં પ્રવર્તતાં જૂઠ અને દંભ તેઓ સહેજે કળી જાય છે. આથી આપણને સમજાશે કે સ્થૂલ રીતે બાલમંદિરના શિક્ષકોને વર્ષમાં બે ચાર વખત મળીએ, બાળકોની પ્રવૃત્તિઓ વિષે પૂછપરછ કરીએ, તો તેટલાથી આપણો અર્થ સરવાનો નથી. નૂતન બાળકેળવણીની સંજીવિનીનો સંચાર પ્રથમ આપણા માબાપનાં અને કુટુમ્બના જીવનમાં થવો જોઈએ છે.

બીજી બાજુ બાલમંદિરોએ પણ સદા જાગરૂકતા સેવવાની છે. શિક્ષકોમાં બાલમાનસનો અભ્યાસ કરવાની તત્પરતા, સૂક્ષ્મ અવલોકન, આ પદ્ધતિમાં રહેલી અપાર શક્યતાઓનું ચિંતન અને કર્તવ્યનિષ્ઠાની અપેક્ષા રહે છે. નહિ તો સ્વયંસ્ફુર્તિને નામે શિક્ષકોમાં પ્રમાદ અને નિષ્ક્રિયતા અને બાળકોમાં સ્વતંત્રતાના ઢાંકણ નીચે સ્વચ્છંદ પોષાવાનો પૂરો સંભવ રહેલો છે. આ પદ્ધતિમાં અપાર ભયસ્થાનો છે. ઇન્દ્રિયોનું શિક્ષણ તે તેમને સતેજ કરી બહેકાવવા માટે નહિ પણ તેમને સુતીક્ષ્ણ કરી, તે સુતીક્ષ્ણતા દ્વારા જ ઇન્દ્રિય સંયમ કેળવવાના અર્થે છે. સ્વતંત્રતાનું વાતાવરણ ઉપજાવવાનું છે. તે એટલા માટે કે બાળકનું શિસ્ત, જડ અને યંત્રવત્ ન બનતાં સ્વયમ્ સ્ફુરે. વ્યક્તિત્વ ખીલવવાનું છે, તે તેને પૃથક્ રાખવા માટે નહિ પણ એક મનોહર ચિત્ર-માંનાં વિવિધ રંગો એક બીજામાં ભળી જઈ, એકત્વ પામી રસરૂપ રમણીયતા ઉત્પન્ન કરે છે તેમ એ વ્યક્તિત્વને પણ સમષ્ટિમાં ભળી જઈ એકત્વનો સાક્ષાત્કાર કરવાનો રહે છે. આત્મશાસન એ આ નવીન પદ્ધતિનો મુખ્ય સૂર છે. અધુરા અભ્યાસને લીધે, કે પરિશીલનની ખામી કે ઉદાસીનતાને લીધે આ મુખ્ય સૂરનું વિસ્મરણ થાય, અથવા તો બાળકની ગમે તેવી અતંત્ર ક્રિયાને સર્જનનું મોટું નામ આપી સંતોષ લેવામાં આવે તો આ નવીન યોગ અપૂર્ણ રહે છે. બીજું એક ભયસ્થાન છે તે વિષે પણ આપણા સર્વ માબાપ અને શિક્ષકો બન્ને અત્યંત સાવધ રહે એ ઇચ્છવા યોગ્ય છે. ગીત ગવાય, નૃત્ય એ નાનાં બાળકોને સાહજિક છે. તે દ્વારા તેઓ પોતાની સર્જન-શક્તિનો પરિચય પામે છે. આ લલિત વિષયો જે અત્યાર સુધી સમાજમાં અને કેળવણીમાં બહિષ્કૃત ગણાતા હતા, તેમને આપણી બાળકેળવણીમાં ગૌરવભર્યું સ્થાન આપીને, બાલ-મંદિરોએ બાલજીવનમાં ઉલ્લાસ અને સ્ફૂર્તિ આણ્યાં છે અને તે બદલ આપણે તેમનાં ઋણી છીએ. છતાં જનતાને અને ખાસ કરીને બાળકોનાં માતાપિતાને આકર્ષવા સારુ અને આંજી નાખે એવા રંજન કાર્યક્રમો અને પ્રદર્શનો યોજવા કેટલેક ઠેકાણે જે કૃત્રિમ પ્રયાસો થાય છે, તે જોઈ આપણું ધ્યાન ખેંચવું ઘટે છે. સત્ર દરમિયાન થયેલા સઘળા કામના પરિપાકરૂપે, આવા કાર્યક્રમો જો સ્વાભાવિક રીતે આવતા હોય, તો તે ઉચિત છે. પણ દૃષ્ટિને ચકિત કરે એવા કૃત્રિમ પ્રયાસો દ્વારા, બાલસર્જનના વિકાસનો પરિચય આપવાની વૃત્તિ શિક્ષકો સેવે અને એવા પરિચય દ્વારા જ માતપિતા સંતોષ માનવાના લોભમાં પડે તો બાળકોની સર્જન શક્તિને અપાર નુકસાન થવાનો સંભવ છે. બાળકોની સૌમ્ય કૃતિઓ દ્વારા તેમની સર્જન શક્તિનો પરિચય કરવો અને કરાવવો એ સહેજ કઠિન છે. બધા રસોમાંથી શાંતરસમાં અવગાહન કરવા માટે જેમ અતિવિશેષ યોગ્યતા જોઈએ છે, તે પ્રમાણે બાળકોની બધી પ્રવૃત્તિઓમાંથી શાંત અને સૌમ્ય પ્રવૃત્તિઓમાં તેમની નિસર્ગશક્તિ પારખવી એ પ્રમાણમાં અઘરું કાર્ય છે. આથી શિક્ષકોએ અને સંચાલકોએ આવી કેવળ કૃત્રિમ રંજન પ્રવૃત્તિઓથી કૃતકૃત્યતા અનુભવવાનો સરળ માર્ગ લેવો ઘટતો નથી. તેમજ આપણે માબાપો પણ કેવળ કૃત્રિમ પ્રયોગો બાળકોની શક્તિઓના જાહેરમાં થતા પ્રદર્શનથી અને તે માટે મળતાં અભિનંદનથી ભરમાઈ જઈશું અને માની બેસીશું કે તેમની કેળવણી યોગ્ય દિશામાં થઈ રહી છે તો આપણાં પ્રિય બાળકોને આપણે કાયમનું નુકસાન કરી બેસીશું. તેમની બધી શક્તિઓ કુંઠિત થઈ જશે અને તેમના સ્વભાવમાં વિકૃતિ પ્રવેશ પામશે. સ્તુતિ જીરવવી અઘરી છે. કૃપા કરીને મારા કહેવાનો અન્યથા અર્થ કરશો નહિ. હું તો આપણી સામે જે ભયસ્થાનો

પડેલાં છે તેનો માત્ર સામાન્ય નિર્દેશ કરું છું. આપણામાંનાં ઘણાં કદાચ એમ માનતાં હશે કે આ નૂતન બાળકેળવણી એ તો માત્ર નાનાં બાળકો માટે છે એવી મને વારંવાર શંકા આવે છે. અલબત્ત આ પ્રયોગો હાલમાં બાળકેળવણીના ક્ષેત્રમાં થઇ રહ્યા છે છતાં વિચાર કરતાં જણાશે કે આ તો એક જીવનની વ્યાપક દૃષ્ટિ છે. એ જીવનદૃષ્ટિને વય, દેશ કે જાતિની મર્યાદા નથી. સનાતન ધર્મરૂપે એ દરેક યુગમાં અને પદ્ધતિમાં રહેવી જોઇએ છે. એ દૃષ્ટિ અત્યારે જે સ્થૂલ સાધનો બાલમંદિરોમાં જોવામાં આવે છે તેટલા પુરતી જ મર્યાદિત નથી. પણ કેળવણીની સર્વ ઉચ્ચ અને ઉચ્ચતર શ્રેણીઓમાં તે અંતર્ગત રહેવી જોઇએ છે. આથી મારી આગ્રહભરી સૂચના અને વિનંતિ છે કે માત્ર પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો નહિ, પણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં ગુંથાયેલા શિક્ષકો અને આપણી વિદ્યાપીઠના બધા કેળવણીકારો બાલમંદિરોની પ્રવૃત્તિઓના ગાઢ પરિચયમાં આવે, આ નૂતન કેળવણીની દૃષ્ટિ શું છે તેનું રહસ્ય પારખી, તેને વ્યાપક સ્વરૂપે બધી શ્રેણીઓમાં કેવી રીતે દાખલ કરી શકાય તેની ચર્ચા કરે, અને કેળવણીને એક વિભાગમાં નહિ પણ તેના સાતત્યમાં જોવાનો પ્રયત્ન કરે.

વૃક્ષની શાખા, પ્રશાખાઓ અને પલ્લવોને એકજ મૂળ દ્વારા જેમ રસ મળે છે તેમ જ્યારે દેશની સર્વ શ્રેણીઓની કેળવણી સંસ્થાઓ મનુષ્ય જીવનને અને જીવનના પરમ અર્થને એક વ્યાપક રૂપે નિહાળી કેળવણીની એક સંગ્રાહક યોજના ઘડશે ત્યારે જીવનની વિવિધ શક્તિઓ અને રૂચિઓને રસ અને પોષણ મળશે અને જીવન ઘણે અંશે સરળ અને સુખી થશે. સમાજનું સાચું પુનર્નિર્માણ ત્યારેજ શરૂ થયું ગણાશે.

બાળકેળવણીની દૃષ્ટિને એથી પણ વધારે વ્યાપક બનાવવાની કલ્પના પણ છે. શા માટે કેળવણીનો વિચાર શાળા અને પાઠશાળામાં જ પર્યાપ્ત રહે? કેળવણી તો મનુષ્યના જન્મથી મૃત્યુ સુધીનો એક સતત ચાલતો પ્રવાહ છે. આજકાલ કેળવણીમાં ધંધાનું તત્ત્વ-bias-દાખલ કરવાની હિલચાલ ચાલે છે. હું સૂચવું છું કે શા માટે આપણે સમાજની એવી પુનર્ઘટના ન કરી શકીએ, કે જેમાં કેળવણીને ધંધાના તત્ત્વવાળી બનાવવા કરતાં દરેક ધંધાને આપણે કેળવણીનું સાધન ન બનાવી શકીએ. દ્રવ્યોપાર્જન કરતાં, જીવનવૃત્તિ ટકાવતાં જે અનુભવ થાય છે તે દ્વારા શું માણસને ઓછી કેળવણી મળે છે? તો આપણે પ્રત્યેક મનુષ્યની શક્તિ અને વૃત્તિને અનુરૂપ ધંધાઓની એવી યોજના કરી શકીએ અને સાથે સાથે આખો મનુષ્ય વ્યવહાર પણ એવો સમભાવભર્યો નિર્મી શકીએ કે જેથી દરેક માણસ પોતાના ધંધા દ્વારા પણ કેળવણી પામતો જાય, તેનામાં જે શક્તિઓ છે તે પ્રગટ કરતો જાય. હાલ તો શક્તિ અને વૃત્તિ અનુસાર ભાગ્યે જ કોઇને પોતાનો ધંધો કે કામ મળી રહે છે. દરેક જણ કમને બીજાની આજ્ઞાઓ મૂકભાવે, દાસભાવે, યંત્રવત્ ઉઠાવતો હોય છે અને આવા નિરસ જડ વ્યાપારમાં મનુષ્યનું મનુષ્યત્વ ચૂસાતું જાય છે. નથી તેને વિશ્રામ કે નથી તેને મનની પ્રફુલ્લતા. આ અમૂલ્ય જીવનની સાર્થકતા સાધવી હોય તો કેળવણીને જન્મથી મૃત્યુ સુધી ચાલતી એક સતત પ્રવૃત્તિરૂપે સમજીને જીવનનાં સર્વ ક્ષેત્રોને કેળવણીનાં સાધન તરીકે સ્વીકારવાં જોઇએ છે. આવી જીવનદૃષ્ટિ આપણા સમાજ-વિધાયકો અને માબાપોએ કેળવવી પડશે.

સરલાદેવી અંબાલાલ સારાભાઇ

# સંઘ સમાચાર.

શ્રી મુંબઇ યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા૦ ૨૯-૧-૪૪ ના રોજ મળેલી સભાએ નીચે મુજબના ઠરાવો પસાર કર્યા હતા.

**સ્વર્ગસ્થ શ્રી. રણજીત પંડિત વિષે:—**

રાષ્ટ્રીય મહાસભાના એક આગેવાન કાર્યકર્તા અને દેશની આઝાદીની લડતના એક પ્રમુખ સૈનિક શ્રીયુત રણજીત પંડિતના અકાળ અવસાન પરત્વે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ અત્યંત ખેદની લાગણી પ્રદર્શિત કરે છે અને તેમનાં પત્ની શ્રી વિજયાલક્ષ્મી પંડિતને અન્તરની સહાનુભૂતિ પાઠવે છે.

**સ્વર્ગસ્થ શ્રી મહાસુખભાઇ ચુ. લાલ વિષે:—**

શ્રી મહાસુખભાઇ ચુનીલાલના અકાળ અવસાનની શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા ખેદપૂર્વક નોંધ લે છે. બાળદીક્ષા સામે નિડરપણે હીલચાલ ઉપાડીને જૈન સમાજમાં તેમણે ખૂબ જાગૃતિ પેદા કરી હતી અને તે ઉપરાંત જૈન સમાજની, વીસનગરવાસીઓની તેમજ વડોદરા રાજ્યની પ્રજાની તેમણે અનેકવિધ સેવા કરી હતી. તેમના જવાથી જૈન સમાજને એક નિડર કાર્યકર્તાની અને સાહિત્યરસિક સજ્જનની ખોટ પડી છે. એમના આત્માને સભા પરમ શાન્તિ ઇચ્છે છે.

**સંઘની રાહત પ્રવૃત્તિ આગળ ચલાવવા વિષે:—**

સંઘની રાહત પ્રવૃત્તિના ક્ષેત્ર મર્યાદા તેમજ સમયમર્યાદા વધારવી કે કેમ તે સંબંધમાં એમ ઠરાવવામાં આવ્યું કે આજ-સુધીમાં ૯૪ રાહતપત્ર કાઢી આપવામાં આવ્યા છે તો હવે નવા નક્કી કરેલ કુલે ૧૦૦ રાહત પત્રથી વધારે પત્રો કાઢી આપવા નહિ. આજ સુધીમાં અપાયલા રાહત પત્રમાંથી જેની જેની ચાર માસની મુદત પુરી થઇ હોય અથવા હવે પછી પુરી થાય તેને બે માસ વધારી આપવા અને નવા રાહતપત્રો માત્ર ચાર માસની જ મુદતના કાઢી આપવા.

**કેટલાક સભ્યોનાં આવેલાં રાજીનામાઓના પરિણામે ઉભી થયેલી પરિસ્થિતિને અંગે થયેલો ઠરાવ:—**

તા. ૪-૨-૪૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ઉપર જણાવેલ પરિસ્થિતિ પરત્વે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

"શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના શ્રી કાનજી મુનિના અનુયાયીઓનો સંઘબહિષ્કાર કરવાને લગતી પ્રવૃત્તિને વખોડી નાંખતા તા. ૧૦-૧૨-૪૩ ના ઠરાવ વિષે સ્થાનકવાસી સમાજમાં ઘણી ગેરસમજુતી થઇ છે એમ માલુમ પડયું છે. એ ઠરાવ ઉપરથી એમ માનવામાં આવે છે કે સ્થાનકવાસી સંઘને કોઇ પણ સંયોગોમાં કોઇ પણ સ્થાનકવાસી વ્યક્તિને સંઘના સભ્ય તરીકે રદ્દ કરવાનો અધિકાર નથી એમ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના ઉપર જણાવેલ ઠરાવ દ્વારા સૂચવવામાં આવ્યું છે. આવી કોઇ માન્યતા શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ ધરાવતી નથી કે તેવી પ્રસ્તુત કાર્યવાહક સમિતિએ કોઇ જાહેરાત કરી નથી. મુંબઇ જૈન યુવક સંઘના પ્રસ્તુત ઠરાવનો આશય માત્ર સમુહબહિષ્કારને અથવા તો કોઇ વ્યક્તિના માત્ર માન્યતાભેદના કારણે કરવામાં આવતા બહિષ્કારને વખોડી નાંખવાનો છે. સ્થાનકવાસી કોન્ફરન્સની જનરલ કમીટીના નિવેદનનો આવો કોઇ અર્થ કે આશય નથી એમ એ નિવેદનનું સ્પષ્ટીકરણ કરતા સ્થાનકવાસી કોન્ફરન્સના મંત્રી શ્રી ખીમચંદ વોરાના "જૈન પ્રકાશ" માં પ્રગટ થએલા લેખો તેમજ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના તા૦ ૧-૨-૪૪ ના પ્રબુદ્ધ

( અનુસંધાન પૃષ્ટ ૧૮૦ જુઓ )

सच्चस्स आणाए उवहिए मेहावी मारं तरति ।

સત્યની આજ્ઞામાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.


# પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ફેબ્રુઆરી ૧૫ ૧૯૪૪


## સમ્યગ્ દર્શન

('Gandhi Era in World Politics' એ નામની શ્રી. વાઇ. જી. કૃષ્ણમૂર્તિએ લખેલી નાની પુસ્તિકાના અવલોકન તરીકે સર સર્વપલ્લી રાધાકૃષ્ણને નીચેનો લેખ લખ્યો છે.)

"જે પ્રજાને સમ્યગ્ દર્શન-Vision-નથી તે પ્રજા નાશ પામે છે." દુનિયાના ભાવી વિષે અનેક યોજનાઓ વિચારવામાં આવે છે. આ યોજનાઓ રાજકીય તેમજ અર્થકીય મુદ્દાઓ ચર્ચે છે. પણ તે સર્વ સારા અથવા ખરાબ ધ્યેયો સાથે જોડાયલી હોય છે. આધ્યાત્મિક દર્શન એ આ સર્વ યોજનાઓનું મુખ્ય નિયામક ધ્યેય હોવું જોઇએ અને રાજકારણી તેમ અર્થકારણી શાસ્ત્રકારોએ આ આધ્યાત્મિક દર્શનના આધારે જ પોતાના નિર્ણયો બાંધવા જોઇએ, અને પોતાની સર્વ પ્રવૃત્તિઓ ચલાવવી જોઇએ. સાચું દર્શન એજ ખરી અગત્યની વસ્તુ છે. દુનિયાને નવરચનાની આજે સૌથી વધારે અપેક્ષા છે. સમાજ પણ નવરચના માંગી રહેલ છે. ઇતિહાસ પણ તે તરફ આંગળી ચીંધી રહ્યો છે. અને જો આપણી આજની સંસ્કૃતિનો ઉધ્ધાર થવાનો હોય અને આપણે જંગલીપણામાંથી અને પશુવૃત્તિમાંથી ઉંચે આવવાના હોઇએ તો આજની કટોકટીભરી વિષમ સ્થિતિમાંથી ઉગરવા માટે નૂતન વિશ્વવ્યાપી નવરચના સિવાય બીજો કોઇ માર્ગ હોઇ શકે જ નહિ.

સમાજના વિકાસક્રમમાં ઉત્તરોત્તર ત્રણ ભૂમિકાઓ માલુમ પડે છે. જંગલના કાયદાનો એટલે કે પશુબળના સર્વોપરીપણાનો અમલ થતો હોય અને હિંસાનું અને સ્વાર્થપરતાનું પ્રાધાન્ય હોય તે પહેલી ભૂમિકા. વ્યવસ્થિત રાજ્યસત્તાનો વહીવટ શરૂ થાય અને અદાલત, સીપાઇલોક અને કેદખાનું એ વિવિધ યોજના સાથે નિષ્પક્ષ ન્યાય મળવાની વ્યવસ્થા નિર્માણ થાય એ બીજી ભૂમિકા. અને અહિંસા અને નિસ્વાર્થતાની પ્રતિષ્ઠા થાય અને પ્રેમ અને પ્રજાનિયમન એકાકાર બને એ ત્રીજી ભૂમિકા. આ છેલ્લી ભૂમિકા એ સુધરેલી માનવતાનું અન્તિમ ધ્યેય છે. સત્તાના ઉપયોગ ઉપર આધાર રાખવાનું તદ્દન છોડી દે એટલુંજ નહિ પણ રાજ્યસત્તા તરફના કોઇ પણ લાભ કે મહેરબાનીની લેશમાત્ર આશા કે અપેક્ષા ન રાખે, ઘરસંસારનો ખરા અર્થમાં ત્યાગ કરે અને અંગત સર્વ મનોરથો અને મહત્ત્વાકાંક્ષાઓને સર્વથા તિલાંજલિ આપે, દુનિયામાં સુખશાન્તિ સ્થપાય એ માટે હરહંમેશ પોતાના મૃત્યુને આવકારદાયક લેખે—આવા ઓલીપુરૂષોની સંખ્યા જેટલા પ્રમાણમાં વૃદ્ધિંગત થાય તેટલા પ્રમાણમાં ઉપર જણાવેલ ધ્યેયની વધારે સમીપ દુનિયા પ્રગતિ કરી શકે. ગાંધીજી એક આવા પુરૂષ છે. દુનિયાને દોરવણી આપવાનો તેમનો અધિકાર પશુબળ કે ગૂઢ પ્રચારને કારણે નહિ પણ આત્મગત નૈતિક પ્રભુત્વ અને આધ્યાત્મિક દર્શનના કારણે સર્વત્ર સ્વીકારાયલો છે. આપણી આજની કમનસીબ દુનિયાની બુદ્ધિ બહેર મારી ગઇ છે અને નૈતિક તાકાતને પક્ષઘાત લાગુ પડયો છે. અને સમ્યગ્ દર્શન અને અડગ નિશ્ચય શક્તિની ફરીથી આપણા ચિત્તમાં પુનઃ પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી આપણા માટે બહુ આશા રાખવા જેવું કશું છે જ નહિ. આ બાબતમાં ગાંધીજી જગતને વધારે સારી અને સુખી સૃષ્ટિનો નિર્માણમાર્ગ દર્શાવી રહ્યા છે.

મૂળ લેખકઃ સર્વપલ્લી રાધાકૃષ્ણન

અનુવાદક પરમાનંદ

## સંઘના પ્રમુખનું પ્રાસંગિક વિવેચન

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા૦ ૬-૨-૪૪ ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભા સમક્ષ સંઘના પ્રમુખશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ નીચે મુજબ વિવેચન કર્યું હતું.]

ગત વર્ષ દરમિયાન શ્રી મુંબઇ જૈન યુવક સંઘે જે કાંઇ પ્રવૃત્તિ કરી છે અને નવો વિકાસ સાધ્યો છે તેનો ખ્યાલ આજે રજુ થનાર સંઘના વાર્ષિક વૃત્તાન્ત ઉપરથી આપને આવશે. સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેમણે સંઘની આજ સુધી અનેકવિધ સેવાઓ બજાવી છે અને જેઓ સંઘના પ્રાણરૂપ મંત્રી છે તેમની વચગાળે આવેલી માંદગીએ આપણને અસ્વસ્થ બનાવી મૂકયા હતા. સદ્ભાગ્યે તે હલ્લામાંથી તો તેઓ ઉગરી ગયાં છે, એમ છતાં પણ તેની અસરથી તેઓ મુક્ત થયા નથી અને પરિણામે તેમની હીલચાલ ઉપર આજે અસાધારણ અંકુશ મુકાઇ ગયો છે. તેમની તબિયત દિન પર દિન સુધરતી આવે અને પહેલાં માફક સંઘની તેમજ જૈન સમાજની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય ભાગ લેતા થઇ જાય એમ આપણે ઇચ્છીએ અને પ્રાર્થીએ. તાજેતરમાં તેમણે રૂા. ૧૦૦૦૦ સંઘના પુસ્તકાલયને અને રૂા. ૩૦૦૦ સંઘદ્વારા કરવાના અન્ય કાર્યો માટે આપ્યા છે તે માટે તેમનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેમની સેવાનિષ્ઠા અને ઉદારતા આપણ સર્વના હિયામાં વસો એવી આપણે પ્રાર્થના કરીએ. આવા ઉચ્ચ કોટિના એક સમાજ સેવકને રૂા. ૧૦૦૦૦ ની થેલી અર્પણ કરીને સન્માનવાનો સંઘની કાર્યવાહક સમિતિએ જે નિર્ણય કર્યો છે તે સ્તુત્ય અને આવકાર યોગ્ય છે. આ થેલીમાં મણિભાઇથી ઓછા વધતા પરિચિત સૌ કોઇ ભાઇબહેનો પોતાની શક્તિની સામાન્ય સીમા ઓળંગીને પણ સંગીન ફાળો આપશે એવી આપણે આશા રાખીએ!

સંઘ પ્રબુદ્ધ જૈન દ્વારા, પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા, તેમજ અન્ય પ્રવૃત્તિઓ દ્વારા માનવજીવનને મૌલિક રીતે સ્પર્શતા, સમાજ ક્રાન્તિને ઉદ્બોધતા, અનેક અનિષ્ટ રૂઢિ પ્રણાલિકાઓનો વિરોધ કરતા અને સામાજિક વહેમો, પાખંડ અને અનાચારનો સામનો કરતા વિવિધ વિચારો સમાજ સમક્ષ રજુ કરતો આવ્યો છે અને પ્રગતિશીલ ભાવનાઓને અને આદર્શોને પોષતો આવ્યો છે. આ બધા વિચારપ્રચાર સાથે જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓ જોડાયલી હોય તો જ આપણે જે વિચારો રજુ કરીએ તે જનસમાજને ઉંડી રીતે સ્પર્શે અને આપણે કેવળ વાતો કરનારા કે હવાઇ વિચારોના કીલ્લાઓ બાંધનારા નથી પણ આપણા સર્વ વિચાર, આચાર અને પ્રચાર પાછળ જનસેવાની ઉંડી ભાવના છે એવી લોકોને પ્રતીતિ થાય. આજે મુંબઇ જૈન યુવક સંઘે જે વિવિધ પ્રકારનાં સેવાકાર્યો હાથ ધર્યાં છે તેના પરિણામે મુંબઇ જૈન યુવક સંઘની પ્રતિષ્ઠા ઘણી વધી છે, અને તેના વિચારો તેમજ ક્રાન્તિદર્શી પ્રવૃત્તિ વિષે લોકોના દિલમાં વિશેષ આદર જન્મ્યો છે. આ સેવા કાર્યની મોટી મર્યાદા એ છે કે સંઘે એવી કોઇ સેવાની પ્રવૃત્તિ ઉપાડવી ન જોઇએ કે જે તેના ગજા ઉપરની હોય અને જેને પાર પાડવા માટે જેની સાથે કશો પણ વિચારમેળ ન હોય એવા શ્રીમાન વર્ગની મદદ

ભાગવા સંઘને જવું પડે અને એ રીતે સંઘે કોઇની પણ શેહના ભોગ બની પોતાનું વ્યક્તિત્વ ગુમાવવું પડે. આજ સુધી સંઘની સેવા પ્રવૃત્તિ આ મર્યાદાનો પુરો ખ્યાલ રાખીને ચલાવવામાં આવી છે અને સંઘે જે કાંઇ કામ હાથ ધર્યું છે તેમાં અણધારી રીતે અને અણકલ્પી દિશાએથી જોઇતી આર્થિક મદદ મળતી રહી છે. આ સંઘનું હું મોટું સદ્ભાગ્ય અને ભાવીની દૃષ્ટિએ એક પ્રોત્સાહક ચિહ્ન લેખું છું.

આ પ્રસંગે એક બીજી સ્પષ્ટતા કરું તો અસ્થાને નહિ લેખાય. જૈન સમાજના જુદા જુદા વિભાગો અને સંપ્રદાયો વચ્ચે એકતાની લાગણી પોષવી અને સંવર્ધિત કરવી એ મુંબઇ જૈન યુવક સંઘનો એક મુખ્ય ઉદ્દેશ છે. આ એકતાની ભાવનાનો અર્થ કોઇ કોઇ જગ્યાએ એવો કરવામાં આવે છે કે જુદા જુદા સંપ્રદાય કે સંઘમાં બનતા બનાવોની ચર્ચામાં મુંબઇ જૈન યુવક સંઘે ઉતરીને કોઇપણ વિભાગના ઘર્ષણમાં ન આવવું અને એ રીતે જુદા જુદા વિભાગની એકતાને પોષવી. આવી જો કોઇપણ ઠેકાણે સમજણ હોય તો તે કેવળ ભૂલભરેલી છે એ મારે સ્પષ્ટપણે જણાવવું જોઇએ. મુંબઇ જૈન યુવક સંઘ ચોક્કસ ઉદ્દેશો, સિદ્ધાન્તો અને માન્યતાઓ ધરાવે છે અને તેની કાર્યનીતિનું પણ ચોક્કસ પ્રકારનું ધોરણ છે. જૈન સમાજના કોઇ પણ વિભાગમાં જ્યારે જ્યારે કોઇ પણ અનિષ્ટ ઘટના બનતી જોવામાં આવે ત્યારે ત્યારે તે ઘટનાનો નિડરપણે અને સચોટતાથી વિરોધ કરવો અને જૈન સમાજ તેમજ તેના અન્તર્ગત વિભાગને સંઘની માન્યતાઓ અને કાર્યનીતિના ધોરણે સ્પષ્ટ માર્ગદર્શન આપવું એ મુંબઇ જૈન યુવક સંઘની મુખ્ય ફરજ છે અને એમ કરતાં ગમે તેવા ઘર્ષણનો પ્રસંગ ઉભો થાય તો પણ પોતાની ફરજ અદા કરવામાં સંઘે કદિ પાછી પાની ન કરવી એમાં જ સંઘની સાચી પ્રતિષ્ઠા રહેલી છે. જૈન સમાજની ચોકી કરવી અને કોઇ પણ પ્રકારના પાખંડ, કે અનિષ્ટ પ્રવૃત્તિનો સામનો કરવો એ મુંબઇ જૈન યુવક સંઘનું ખાસ કર્તવ્ય છે. વિભાગી એકતાના નામે કોઇ પણ વિભાગની કોઇ પણ નબળાઇને મુંબઇ જૈન યુવક સંઘ પોષી કે નીભાવી શકે નહિ. જે કોમી એકતા અથવા તો સાંપ્રદાયિક એકતાને મુંબઇ જૈન યુવક સંઘ આગળ ધરે છે તેનો આશય તો એ છે કે આજે બહુજ અલ્પ મહત્વવાળી માન્યતાઓના ભેદોએ અને લક્ષોના ઝગડાઓએ શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દિગંબર વિભાગ વચ્ચે પરસ્પર જુદાઇની એક મોટી દિવાલ ઉભી કરી છે અને અણુ જેટલી માન્યતાભેદને પર્વત જેવડો મોટો લેખવામાં આવે છે અને લાંબા કાળથી પોષાયલા અનેક પૂર્વગ્રહો અને સાંપ્રદાયિક આચાર્યોની મતાન્ધતાના પરિણામે પર્વત જેટલા માન્યતાસામ્યને આપણી આંખો યથાસ્વરૂપે જોઇ શકતી નથી—આ વિકૃત દૃષ્ટિ અને જુદાઇ પોષનાર માનસિક વળણ નાશ પામે, અને એક જ ધર્મપિતાના આપણે સૌ સન્તાન અને ભાઇભાંડુ છીએ એવી પરસ્પર એકતા વધારનારી સદ્બુદ્ધિ આપણામાં જાગ્રત થાય અને આ રીતે હૃદયપલટો થવાના પરિણામે સાંપ્રદાયિક ઝગડાઓ અને કલહનો સ્વાભાવિક રીતે અન્ત આવે. આવી એકતાની બુદ્ધિ અને વૃત્તિને મુંબઇ જૈન યુવક સંઘ આગળ ધરે છે અને તેને પોષવાને અર્થે પોતાની પ્રવૃત્તિઓ ચલાવે છે.

એક બીજી બાબતનો પણ અહિં ઉલ્લેખ કરું. સંઘે પોતાની કાર્યનીતિનું ચોક્કસ ધોરણ નક્કી કર્યું છે અને તેના આધારે શિસ્તના કેટલાક નિયમો ઘડયા છે જેનું અનુપાલન સંઘના દરેક સભ્ય માટે ફરજિયાત બને છે. સંઘના આજે ૩૦૦ ઉપર સભ્યો છે. સંઘમાં દાખલ થતી વખતે દરેક સભ્યે સંઘના ઉદ્દેશો, માન્યતાઓ અને શિસ્ત નિયમોનો પુરેપુરો વિચાર કરવો જોઇએ અને એ સર્વ પોતાને સંમત હોય તો જ સંઘમાં દાખલ થવું જોઇએ અથવા તો જોડાયલા રહેવું જોઇએ. પરંતુ બને છે એવું કે સંઘમાં દાખલ થવાની અરજી મોકલતી વખતે દરેક સભ્ય પુરા ઉંડાણથી આ બાબતનો વિચાર કરતો હોતો નથી. કેટલાકને પોતાના જીવનમાં અણધાર્યા પ્રસંગો આવે છે જ્યારે સંઘના શિસ્ત નિયમોનું અનુપાલન તેના માટે ભારે મુંઝવણનો વિષય બને છે અને તેનું ચોક્કસ વર્તન સંઘની માન્યતાઓથી અસંગત બની જાય છે. આવા પ્રસંગે કોઇ કોઇ સભ્યના અમુક વર્તનને અંગે શિસ્તનો પ્રશ્ન ઉભો થાય છે અને સંઘને ઉપયોગી સભ્યોને ગુમાવવાનો વખત આવે છે. જે સંઘને શિસ્તનો આગ્રહ હોય તેના જીવનમાં આવી ઘટનાઓ અવાર નવાર ઉભી થયાજ કરે અને તેથી થતી લાભહાનિનો બહુ વિચાર કરવો તેને ન પાલવે. પણ આવી કોઇ પણ ઘટના પોતાની પાછળ નાના મોટા મનદુઃખનું કારણ પણ મુકતી જાય છે. આ રીતે શિસ્તના કારણે કોઇ પણ સભ્ય સામે પગલાં લેવાનો પ્રસંગ અનિવાર્ય હોવા છતાં આવકારદાયક લાગતો નથી. આ પરિસ્થિતિ ધ્યાનમાં લઇને મારા અધિકારની રૂઇએ એટલું જાહેર કરવું અયોગ્ય નહિ લેખાય કે સંઘને સભ્ય વધારવાનો કે છે તેટલી સંખ્યા કોઇ પણ હિસાબે જાળવી રાખવાનો લેશ માત્ર મોહ નથી. તેથી જે કોઇ વ્યક્તિ સંઘમાં જોડાવા માંગતી હોય તે સંઘના ઉદ્દેશો, માન્યતાઓ અને શિસ્તનિયમોનો પૂરો વિચાર કરીને જોડાય, એટલું જ નહિ પણ આજે જેઓ સંઘના સભ્યો છે તેઓ પણ સંઘના બંધારણમાં રહેલા માન્યતા—વિભાગને બરોબર જોઇ વિચારી જાય અને જેને જેને એમ લાગે કે પ્રસ્તુત માન્યતા વિભાગ સાથે પોતાના મનનો મેળ નથી અને પ્રસ્તુત શિસ્તના નિયમો સાથે પોતાના આચારનો મેળ નથી તેઓ સંઘથી સ્વેચ્છાએ છુટા થઇને પણ સંઘના કાર્યને વિશેષ મજબુત અને શિસ્તબદ્ધ બનાવે. કોઇ પણ સભ્ય પોતાની કોઇ પણ નબળાઇથી સંઘને નબળો ન બનાવે. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોની સંખ્યા ઓછી હોય કે વધારે તે હકીકતને હું બહુ અગત્ય આપતો નથી, પણ સંઘ જે આચાર વિચારને તેમજ માન્યતાઓને આગળ ધરે છે તેને અનુરૂપ સંઘના દરેક સભ્યનું માનસ છે અને તેને પહોંચી વળવાનો દરેક સભ્યનો નિષ્ઠાયુક્ત પ્રયત્ન છે એટલી પ્રતીતિ આપણે જનતાને આપી શકીએ તો જ સંઘનું અસ્તિત્વ અને સંચાલન સાર્થક છે અને એવા સંઘની જ ભાવી પ્રજાને માટે કાંઇક ઉપયોગીતા છે.

અન્તમાં સંઘનું કામકાજ ચલાવવામાં આપે મને જે આજ સુધી એક સરખો સહકાર આપ્યો છે તે માટે હું આપનો ઉપકાર માનું છું. કોમ વચ્ચે રહેવા છતાં કોમી ભાવથી મુક્ત રહેવું અને જૈન સમાજની સેવા કરવા સાથે વિશાળ જનતાની સેવાને પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં પ્રાધાન્ય આપવું અને દેશની આઝાદીને પોતાના પહેલા અને છેલ્લા લક્ષ્ય તરીકે સ્વીકારીને પોતાના સર્વ કાર્યોની યોજનાઓ કરવી—આ મુંબઇ જૈન યુવક સંઘની લાક્ષણિક વિશેષતા છે અને જુદી જુદી કોમ, જ્ઞાતિ અને સંપ્રદાય સાથે એક યા બીજા કારણે જોડાઇ રહેલા પ્રગતિક વિચારો ધરાવનાર અને ક્રાન્તિના સ્વપ્નાં સેવનાર યુવકો માટે દૃષ્ટાન્ત રૂપ છે. આપણો સંઘ ઉપરોક્ત ભાવનાઓને બરોબર લક્ષ્યમાં રાખીને પોતાના કાર્યને આગળ વધારે અને ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિ વિસ્તારતો રહે એજ મારી પ્રાર્થના અને મારા નાના સરખા ગજાનુસારનો નમ્ર પ્રયત્ન છે.

પરમાનંદ.

# સંઘનો વાર્ષિક વૃત્તાંત

## ( વિ. સં. ૧૯૯૯ )

વિક્રમ સંવત ૧૯૯૯ પુરૂં થવા સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પંદર વર્ષ પુરાં કરે છે. સંવત ૧૯૯૮ દરમિયાન જર્મનીની ઉત્તરોત્તર વિજયપ્રાપ્તિ અને જાપાનનું હિંદુસ્થાન તરફ ધસી આવતું સૈનિક દળ—આ બે સંયોગોએ સમસ્ત પ્રજાજીવનમાં જે સંક્ષોભ ઉભો કર્યો હતો અને હિંદની કોઈપણ સીમા ઉપર આવેલાં મોટાં મોટાં શહેરોમાંથી પોતપોતાના વતન તરફ લોકોએ જે નાસભાગ કરી હતી તે સાથે સરખાવતાં સંવત ૧૯૯૯નું વર્ષ શાન્તિપૂર્વક એટલે કે એવા કોઈ સંક્ષોભ વિના પસાર થયું હતું. મુંબઈ, કરાંચી, મદ્રાસ કે કલકત્તા છોડીને ચાલી ગયેલા લોકો પાછા ફર્યાં છે, એટલુંજ નહિ પણ યુદ્ધ પ્રવૃત્તિને અંગે વ્યાપાર અને ઉદ્યોગના કારણે મોટાં શહેરો પુષ્કળ વસ્તીથી ઉભરાઈ રહ્યાં છે અને આવાં શહેરોમાં બહારથી આવતા માણસોને રહેવાને જગ્યા પણ મળતી નથી. સાથે સાથે લોક જીવનની હાડમારીઓ, ચીજોની અછત તેમજ મોંઘવારી અને સામાન્ય લોકોએ શું ખાવું અને શું પહેરવું એને લગતી મુંઝવણો પણ ખૂબ વધતી ચાલી છે. ગત વર્ષના પશ્ચાદ્ અર્ધમાં આપણી કલ્પનામાં કદી ન આવે એવા ભુખમરાએ બંગાળામાંથી હજારો માણસોના પ્રાણ શોષી લીધા છે અને સંખ્યાબંધ માણસોનો મેલેરીઆ, ઇન્ફલ્યુએન્ઝા, મરકી અને એવી બીજી વ્યાધિઓએ ભોગ લીધો છે. સદ્‌ભાગ્યે ગયા વર્ષે આખા દેશમાં વરસાદ સારો પડયો છે અને તેથી દેશભરમાં ભુખમરાને કારણે વધી ગયેલું મરણ પ્રમાણ હાલમાં કંઈક દબાયું લાગે છે. પણ આ રાહત અને શાન્તિ બહુજ અલ્પકાલીન દિસે છે, હિંદુસ્થાનની પૂર્વ સરહદ, કલકત્તા, વિઝાગાપટ્ટમ કે મદ્રાસના કીનારા ઉપર અવાર નવાર થતી છુટી-છવાઈ બોંબવર્ષા બાદ કરતાં વર્તમાન વિશ્વયુદ્ધની દાહક જ્વાળાઓના સાક્ષાત પરિચયથી આખું હિંદુસ્થાન હજુ દૂર રહ્યું છે, એમ છતાં એ વિશ્વયુદ્ધને લીધે જે ઉત્તરોત્તર વધતી જતી પાર વિનાની હાડમારીઓએ લોકોને બેચેન બનાવી દીધા છે અને આ કમનસીબીનો હજુ કોઈ છેડો લોકદૃષ્ટિની ક્ષિતિજ—મર્યાદામાં નજરે પડતો નથી.

### સંઘનું સામાન્ય ફંડ

આવા વિષમ વર્ષ દરમ્યાન શ્રી મુંબઈ જૈન યુવકસંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ એકસરખી પુષ્ટ થતી ચાલી છે અને તેને જૈન સમાજે સંગીન આર્થિક ટેકો આપીને અપનાવી છે એમ જણાવતા સંતોષ થાય છે. આજથી સાડાચાર વર્ષ પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પ્રબુદ્ધ જૈન શરૂ કર્યું અને ત્યાર પછી સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલયની શરૂઆત કરી, ત્યારે કેટલાક સભ્યોએ તેમજ સંઘના પ્રસંશકોએ ત્રણ વર્ષ માટે ચોક્કસ આર્થિક મદદ આપવાનાં વચનો આપ્યાં હતાં. જેની વાર્ષિક આવક રૂા. ૨૨૦૦ લગભગ થતી હતી. તે વચનોની મુદત સંવત ૧૯૯૮ ની સાથે પુરી થઈ હતી. આ રીતે એ મોટી આવકનું દ્વાર એક બાજુ બંધ થયું હતું અને બીજી બાજુએ સંઘનો વહીવટી ખર્ચ જે ક્રમશઃ વધતો જતો હતો તે તો એમનો એમ ઉભો રહ્યો હતો. સંઘ પાસે બીજું તો કોઈ કહ્યું સ્થાયી ફંડ હતું નહિ કે જેથી ચાલુ ખર્ચ વિષે સંઘના કાર્યકર્તાઓને ચિંતાનું કારણ ન રહે. આવી પરિસ્થિતિમાં સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે પોતે જાહેમત ઉઠાવીને ગત વર્ષ દરમિયાન રૂા. ૬૫૮૯) અને દીવાળી બાદ ૧૦૭૫) એમ આજ સુધીમાં કુલ્લે રૂા. ૧૦૬૬૪) મેળવી આપ્યા છે. આ માટે શ્રી મણિલાલ મોકમચંદ શાહનો સંઘ જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે અને સાથે સાથે જે જે વ્યક્તિઓએ સંઘના કાર્યને ચાલુ રાખવા તેમજ આગળ ધપાવવા માટે જે કાંઈ નાની મોટી આર્થિક મદદ કરી છે તે માટે તે સર્વ પ્રત્યે સંઘ આભારવૃત્તિ પ્રદર્શિત કરે છે. ઉપર જણાવ્યા મુજબ રૂા. ૧૦૬૬૪ ની છુટક છુટક મદદ આપનારાઓની યાદી પરિશિષ્ઠ 'ક' માં જોડવામાં આવી છે.

### સાર્વજનિક વાંચનાલય.

હવે સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓનું અવલોકન કરીએ. સંઘના વાચનાલયનો લાભ હમેશા સરેરાશ સો ભાઈઓ લે છે. છાપા વાંચનારાઓની ઘણી વખત એટલી બધી ભીડ થાય છે કે કાર્યાલયમાં ઉભા રહેવાની જગ્યા રહેતી નથી. એક તો જે લતામાં સંઘનું કાર્યાલય છે ત્યાં આસપાસ નજીકમાં આવું કોઈ વાચનાલય છે નહિ. બીજુ લોકોનો વાંચવાનો શોખ અને ખાસ કરીને દૈનિક છાપાઓ દ્વારા દુનિઆની ખબરો જાણવાનો શોખ બહુજ વધ્યો છે. બીજું છાપાઓ તેમજ સામયિકોની કિંમત બમણી ત્રણગણી થઈ છે. તેથી સંઘના વાંચનાલય ઉપર ખૂબ ધસારો રહે છે, અને તે માટે આજની જગ્યા બહુ સાંકડી પડે છે. વાંચનાલયમાં કુલ છત્રીશ સામયિકો આવે છે, જેમાં ૬ દૈનિક, ૯ સાપ્તાહિક, ૭ પાક્ષિકઅને ૧૪ માસિક પત્રોનો સમાવેશ થાય છે. ભાષાની દૃષ્ટિએ ૩૧ ગુજરાતી, ૩ અંગ્રેજી અને ૨ હિંદી પત્રો આવે છે.

### સાર્વજનિક પુસ્તકાલય.

સંઘના પુસ્તકાલયમાં કેટલાંક ભેટ મળેલાં અને કેટલાંક ખરીદેલા એમ મળીને હાલ કુલ ૪૨૫૬ પુસ્તકો છે, જેમાંનો મોટો ભાગ ગુજરાતી સાહિત્ય અને જૈન ધર્મને લગતો છે. આ પુસ્તકાલયનો પણ વાચનાલય જેટલો જ બહોળા પ્રમાણમાં લાભ લેવામાં આવે છે. પુસ્તકાલયમાંથી વાંચવા-માટે પુસ્તક લઈ જનાર પાસેથી રૂપીઆ ત્રણ અનામત લેવામાં આવે છે. તે અનામત ખાતે આશરે રૂપીઆ ૨૧૨૩) જમા છે. તે ઉપરથી સહજ માલુમ પડે છે કે પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૭૦૦ ઉપરની છે. દરરોજ આશરે ૯૫ થી ૧૦૦ પુસ્તકો વાંચવા માટે કાઢી આપવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન પુસ્તકાલય માંથી વાંચવા માટે અપાયેલા પુસ્તકોની સંખ્યા ૩૪૦૦૦ ઉપર ગઈ છે. જનતાની વાચનની અભિરૂચિ એટલી બધી તીવ્ર અને વિવિધદેશીય બની છે કે લોકોને વાંચનની જેટલી સગવડ આપવામાં આવે અને પુસ્તકાલયમાં જેટલી પુસ્તકવૃદ્ધિ કરવામાં આવે એટલી ઓછી પડવાની છે એમ આજ સુધીના અનુભવ ઉપરથી નિઃશંકપણે કહી શકાય તેમ છે સંઘના પુસ્તકાલયના વિકાસ માટે મોટી અગવડતા જગ્યાની છે. આજે કુલ મોટા પાંચ કબાટો વસાવવામાં આવ્યા છે અને તે કબાટો પુસ્તકોથી લગભગ ભરાઈ ગયા છે. આથી વધારે કબાટ મુકવાને સંઘનાં કાર્યાલયમાં જરાપણ અવકાશ રહ્યો નથી. આજનાં પુસ્તકાલયનો વિકાસ પુસ્તકોની વિપુલ અભિવૃદ્ધિ એટલે કે વધારે કબાટો એટલે કે વિશાળ જગ્યાની અપેક્ષા ધરાવે છે અને આ માટે સંગીન આર્થિક મદદની આવશ્યકતા રહે છે વાંચનાલય અને પુસ્તકાલય એ ખરેખર જ્ઞાનની પરબો છે જેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય સહુ કોઈ લઈ રહ્યા છે.

અત્રે જણાવતાં આનંદ થાય છે કે સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે સંઘના પુસ્તકાલયને રૂપીઆ ૧૦,૦૦૦ ની રકમ અર્પણ કરી છે અને આગામી વર્ષમાં તેવીજ મોટી

# સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૬-૨-૪૪ના રોજ શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે આગળ ઉપર મળેલી સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ વંચાયા બાદ સભાના પ્રમુખે કેટલુંક પ્રાસંગિક વિવેચન કર્યું હતું જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યું છે અને ત્યાર બાદ ગત વર્ષનો વૃત્તાન્ત અને ઓડિટ થયેલો ગત વર્ષનો હિસાબ રજુ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આગામી વર્ષની આવક ખાવકને લગતું અંદાજ પત્ર મંત્રીઓએ રજુ કર્યું હતું જેને મંજુરી આપવામાં આવી હતી. ત્યારબાદ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સંબંધે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

**૧ સંસ્થાના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહની આજ સુધીની સંઘની અનેકવિધ સેવાઓ તેમજ તેમનું સંઘની પ્રવૃત્તિઓમાં અસાધારણ સ્થાન તથા ઉપયોગીતા ધ્યાનમાં લઈને તથા સંઘના પુસ્તકાલયને તેમણે રૂ. ૧૦૦૦૦ની રકમ આપવાની જાહેરાત કરી છે તે લક્ષમાં લઈને નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.**

**(ક) સંઘના બંધારણ મુજબ જે બે મંત્રીઓની દર વર્ષે ચુંટણી કરવામાં આવે છે તે ઉપરાંત આ બાબતમાં બીજો ઠરાવ કરવામાં ન આવે ત્યાં સુધી શ્રી મણિલાલ મોકમચંદ શાહને સંઘના માનનીય સ્થાયી મંત્રી તરીકે નીમવામાં આવે છે.**

**(ખ) સંઘના વાંચનાલય પુસ્તકાલય સાથે તેમનું નામ જોડવાનું ઠરાવવામાં આવે છે.**

ત્યારબાદ આજની મોંઘવારીને અંગે સંઘના વધી ગયેલા ચાલુ વહીવટી ખર્ચ સંબંધમાં નીચે મુજબનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર થયો હતો.

**૨ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોનું તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોનું લવાજમ નીચે મુજબ વધારવામાં આવે છે.**

**(ક) સંઘનું વાર્ષિક લવાજમ પુરૂષ સભ્યનું રૂ. ૩ અને સ્ત્રી સભ્યનું રૂ. ૨ છે તથા પ્રબુદ્ધ જૈનના ગ્રાહકનું લવાજમ રૂ. ૨ છે તે હવેથી અનુક્રમે રૂ. ૪, રૂ. ૩, તથા રૂ. ૩ નક્કી કરવામાં આવે છે.**

**(ખ) પર્યુષણથી ચાલુ વર્ષના અવશિષ્ટ ભાગ દરમ્યાન સભ્ય થવા ઇચ્છનાર ભાઈનું લવાજમ રૂ. ૫ અને બહેનનું લવાજમ રૂ. ૪ લેવામાં આવશે અને તે મુજબ અપાયલું લવાજમ ચાલુ વર્ષના અવશિષ્ટ ભાગ અને પછીના આખા વર્ષની મુદત માટે પુરતું ગણવામાં આવશે**

ત્યારબાદ સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોની ચુંટણી કરવામાં આવી હતી જેનું પરિણામ નીચે જાહેર કરવામાં આવ્યું હતું.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ — પ્રમુખ
,, ચીમનલાલ ચકુભાઈ શાહ — ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ
,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી } મંત્રીઓ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ — કોષાધ્યક્ષ

**સભ્યો**

શ્રી ભાનુકુમાર જૈન, શ્રી ચુનીલાલ કલ્યાણજી કામદાર,
,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ, શ્રી લીલાવતી બહેન દેવીદાસ,
,, હર્ષચંદ્ર કપુરચંદ દોશી, શ્રી નાનચંદ શામજી,
,, રંભાબહેન ગાંધી, શ્રી અમીચંદ ખેમચંદ શાહ.
,, વલ્લભદાસ ફુલચંદ મહેતા, શ્રી જસુમતી મનુભાઈ કાપડીઆ,
,, ખીમચંદ મગનલાલ વોરા, શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી,
,, દીપચંદ ટી. શાહ, શ્રી રમણલાલ સી. શાહ;
,, મનસુખલાલ હીરાલાલ લાલન.

ત્યારબાદ ગયા વર્ષમાં સંઘના ઓડીટર તરીકે વિનામૂલ્યે સંઘનું નામું તપાસી આપવા બદલ શ્રી. કાન્તિલાલ બરોડીઆનો આભાર માનવામાં આવ્યો હતો અને આવતા વર્ષ માટે ઓડીટર તરીકે તેમની નીમણુક કરવામાં આવી હતી.

અન્તમાં પ્રમુખ મહાશયનો ઉપકાર માની અલ્પાહાર સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

**કા. વા. સમિતિમાં ઉમેરાયેલા સભ્યો**

તા. ૧૧-૨-૪૪ના રોજ સંઘની નવી કાર્યવાહક સમિતિએ નીચેના સભ્યોની કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે ચુંટણી કરી હતી. શ્રીમતી મેનાબેન નરોત્તમદાસ, શ્રી. મનુભાઈ ગુલાબચંદ કાપડીઆ, શ્રી. મનસુખલાલ જેમલ શેઠ.

## સંઘના સભ્યના તથા 'પ્રબુદ્ધ જૈન' ના વાર્ષિક લવાજમમાં વધારો

આજે જેમ આપણા ચાલુ જીવનખર્ચમાં ખુબ વધારો થયો છે. તેવી જ રીતે સંઘના ચાલુ વહીવટી ખર્ચમાં તથા પ્રબુદ્ધ જૈનના પ્રકાશન કાર્યને લગતા ખર્ચમાં પણ ખુબ વધારો થયો છે અને સાથે સાથે સંઘની બીજી પ્રવૃત્તિઓ પણ વધતી જાય છે. જ્યારે કેટલીક સંસ્થાઓએ અને કેટલાક છાપાવાળાઓએ પોતાનાં લવાજમો કેટલાય વખતથી વધાર્યા છે ત્યારે મુંબઈ જૈન યુવક સંઘે સભ્યનું તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકનું લવાજમ આજ સુધી જરા પણ વધાર્યું નથી. પણ દિન પ્રતિ દિન સંઘની વધતી જતી આર્થિક જવાબદારીઓ ધ્યાનમાં લઇને તા. ૬-૨-૪૪ ના રોજ મળેલી સંઘની વાર્ષિક સામાન્ય સભાએ આ વર્ષથી રૂ. ૧ નો ચાલુ લવાજમોમાં વધારો કર્યો છે. આશા રાખવામાં આવે છે કે આ વધારેલું લવાજમ આપવામાં કોઇ પણ સભ્ય કે ગ્રાહક જરા પણ આનાકાની નહિ કરે અને આજ સુધી જે રીતે સૌએ સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં સાથ આપ્યો છે તેવી રીતે હવે પછી એવોને એવો સાથ આપીને સંઘના કાર્યને મજબુત બનાવશે અને સંઘની જવાબદારીઓને ઉપર જણાવ્યા મુજબ હળવી બનાવવામાં મદદરૂપ થશે.

મંત્રીઓ
મુંબઈ જૈન યુવક સંઘ

# કદરદાનીની પહેલ

કળા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, લોકસેવા આદિના જુદાં જુદાં ક્ષેત્રોમાં અસાધારણ યોગ્યતાવાળા પુરુષો જ્યાં ત્યાં દેશમાં પાકતા આવ્યા છે. તેમની કદર વખત આવ્યે તે તે સમાજના લોકોએ અગર સર્વસાધારણ જનતાએ કરી છે. અને ત્યારેજ તેવા પુરુષો સર્વસાધારણની વિશેષ જાણમાં આવ્યા છે. આ વસ્તુ સર્વવિદિત છે. જૈન સમાજમાં પણ એક નહિ તો બીજા વિષયમાં વિશિષ્ટ યોગ્યતા કે અસાધારણ યોગ્યતા ધરાવનાર થોડા પણ પુરુષો પાકતા આવ્યાની પરંપરા છે. પણ જૈન સમાજમાં જે એક જ ઊણપ રહી છે તે તો તેવા પુરુષોને ચુંટી કાઢી તેમની જાહેર રીતે કદરદાની કરવાની જ છે. જો જૈન સમાજમાં પણ વિશિષ્ટ યોગ્યતાવાળા પુરુષો સર્જવાની શક્તિ છે તો તે આવી કદરદાનીમાં પછાત કેમ રહ્યો છે? એનાં કારણોની તપાસના ઊંડા પાણીમાં ઉતરવાનું આ સ્થળ નથી. પણ આટલી બાબત તો સુનિશ્ચિત છે કે જૈન સમાજ આપમેળે તેવા સુયોગ્ય પુરુષોને પારખવાની અને તેમની જાહેર રીતે કદર બુઝવાની તેમજ કદર કરવાની ઓછામાં ઓછી શક્તિ ધરાવે છે.

છેલ્લી પચીસીની જ વાત લઈએ. ગાંધીજી જાહેર ક્ષેત્રમાં આવ્યા ત્યારબાદ કેટલાય વિશિષ્ટ પુરુષો જૈન સમાજમાંથી પણ જુદા જુદા ક્ષેત્રોમાં આગળ આવ્યા છે. પણ સમગ્ર જૈન સમાજની દૃષ્ટિએ વિચાર કરીએ તોય એમ કહેવું પડે કે આ બાબતમાં જાણે જૈન સમાજ કશું જ ન જાણતો હોય તેવી સ્થિતિમાં છે. અમુક દૃષ્ટિસંપન્ન વ્યક્તિઓ કોઈ સુયોગ્ય વ્યક્તિને તેના અસાધારણ યોગ્યતાને કારણે ચુંટી કાઢી તેને આગળ લાવે તો જ સર્વ સામાન્ય વર્ગને તેની જાણ થાય. અને તો જ કેટલાક નવયુવકોમાં તેવી દિશામાં આગળ વધવાનો ઉત્સાહ પણ જન્મે. જૈન સમાજ યોગ્ય વ્યક્તિઓની કદર કરતો નથી એમ નથી. તે કદર તો કરે છે, પણ ત્યારે જ, કે જ્યારે, તેવી વ્યક્તિને કોઈ બીજો જ બહારનો માણસ ચુંટી કાઢે અને તેની યોગ્યતા જૈનોના મન ઉપર ઠસાવે.

આવી કઢંગી સ્થિતિ છતાં વધારે ખુશી થવા જેવી એક બીના બની છે તે તરફ વાંચકોનું હું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. તે બીના એટલે શ્રીયુત મણિલાલ મોકમચંદ શાહની કદરદાની કરવાનો શ્રી જૈન યુવક સંઘનો ઠરાવ અને તે દિશામાં થતો પ્રયત્ન.

મણિભાઈ નથી કોઈ વિદ્વાન, કે નથી તેવા વિશિષ્ટ કલાકાર. તેઓ છે તો સામાન્ય કોટિના એક વ્યાપારી, અને તેથીએ વધારે સામાન્ય કોટિના ભણતરવાળા. છતાં, મણિભાઈમાં જે કેટલીક અસાધારણ વિશેષતાઓ છે તે વિશેષ ધનાઢ્ય અને વિશેષ વિદ્વાનોમાં પણ મળવી દુર્લભ છે. ગઈ લડાઈમાં તેઓ થોડુંક કમાયેલા તે તેમણે છૂટે હાથે કેળવણી વિગેરેના કાર્યમાં વાપરી નાખ્યું. આવી ઉદારતા તો બીજા ઘણામાં આપણે જોઈએ છીએ. પણ તેમની વિશેષતા તેમની દરેક સેવાકાર્યમાં ખડે પગે રહેવાની ધગશ અને જાતમહેનતમાં છે. તેઓ ઉંમરે વૃદ્ધ છે પણ ઉત્સાહ અને કાર્યશક્તિમાં જુવાનોને પાછા પાડે છે એ સૌ કોઈ જાણે છે. તેમની સેવાનો પ્રદેશ માત્ર કેળવણીના ક્ષેત્ર પુરતો નથી. મેં તેમની સામાજીક સુધારણાની વિવિધ પ્રવૃત્તિઓનું થોડુંક પણ અધ્યયન કર્યું છે અને તે ઉપરથી મને ઘણી વખત થયાં એમ લાગેલું કે આવો વ્યાપારક્ષેત્રમાં પડેલ તેમજ સામાન્ય શિક્ષણ પામેલ માણસ સમાજની દુરવસ્થાનું કેટલું વિશદ જ્ઞાન ધરાવે છે?

મણિભાઈની સેવા માત્ર જૈન સમાજ પુરતીજ નથી. તે રાષ્ટ્રિય સેવાના જુદાં જુદાં ક્ષેત્રોને પોતાની શક્તિ પ્રમાણે પહોંચી વળે છે. તેમના સદ્‌વર્તનેજ તેમના પ્રત્યે અનુરાગ ધરાવનાર એક ખાસ વર્ગ ઉભો કર્યો છે. મણિભાઈની એક વિશિષ્ટતા ગયા જુન માસમાં જ્યારે મારી જાણમાં આવી ત્યારે હું તેમના પ્રત્યે નત-મસ્તક થઈ ગયો. આ પ્રસંગે તે વિશેષતાનો નિર્દેશ કરું તો અસ્થાને નહિ ગણાય. ગઈ લડાઈની કમાણી પછી મણિભાઈ દેવાદાર પણ થઈ ગયેલા. છેલ્લાં વર્ષોમાં તેઓ જ્યારે કમાયા ત્યારે પોતાની કમાણીનો અન્ય ક્ષેત્રોમાં સદુપયોગ કરે તે પહેલાં તેમને જુનું દેવું સાફ કરવાનું તાત્કાળ સુઝ્યું. તેઓ લેણદારોને ત્યાં ગયા તો ઘણા તેમાંના મરી ગયેલા અને તેમના વારસદારોને તે લેણાની જાણ જ ન હતી. કાયદાની દૃષ્ટિએ તો તે દેવું રહ્યું ન હતું એ વાત તો જુદી જ છે. આ બધું છતાં મણિભાઈએ જીવતા અને મરી ગયેલા લેણદારોના ચોપડા કઢાવી હિસાબ તપાસી એક એક પાઈ લેણદારોને ચુકવી દીધી. આપણે બધા કેટલા એવા દેણદારોને જાણીએ છીએ કે જેઓ યુગ વિતી ગયા પછી અને લેણદારો પોતે હયાત ન હોય ત્યારે પણ તેમને ઘેર જઈ પાઈએ પાઈ ચુકવી આવ્યા હોય? મારે મન કોઈ પણ જીવનના ધર્મ કે નીતિ હોય તો તે આ છે.

આવા વિશિષ્ટ પુરુષને ઓળખી કાઢવો અને જાહેરમાં તેની કદર બુઝવી એ સહૃદયતા તેમજ સત્‌ પુરુષાર્થનું એક કાર્ય છે. મુંબઈ જૈન યુવક સંઘની કેટલી વ બાબતોમાં ખાસ વિશેષતા છે તેમ તેણે કદરદાની બુઝવાની પહેલ કરી ઓછામાં ઓછું જૈન સમાજની એક ઉણપ દૂર કરવાનો સર્વ પ્રથમ પ્રયત્ન કર્યો છે. તે પણ તેની એક અનુકરણ કરવા યોગ્ય વિશેષતા જ લેખવી જોઈએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ પગલું કેટલું ડહાપણ-વાળું અને કેટલું વેળાસરનું છે તે તો તેને થોડા જ દિવસમાં મળેલ અસાધારણ સફળતા ઉપરથી જ સિદ્ધ થાય છે. શ્રીયુત મણિભાઈને થેલી અર્પણ કરવાની વાત છે એટલે તેમના ગુણોને લક્ષ્યમાં રાખી થેલી એકત્ર કરવી તે છે અને તેનું અર્પણ એટલે સાર્વજનિક ઉપયોગની બાબતમાં તેનો યોગ્ય વ્યય કરવો તે છે. એટલે ખરી રીતે આપણે મણિભાઈને થેલી અર્પણ કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે મણિભાઈના સદ્‌-ગુણોનો આદર કરવા નિમિત્તે આપણે આપણા જ સામુદાયિક લાભ અને સામુદાયિક વિકાસને ઉત્તેજન આપીએ છીએ. આ રીતે જો એક પંથ અને બે કાજ સધાતાં હોય તો અત્યારના કમાણીના યુગમાં ક્યો સમજદાર અને ઉદાર ભાઈ આ થેલીને ભરવામાં પોતાનો ફાળો નહિ આપે?

પંડિત સુખલાલજી

---

**સંઘની રાહત પ્રવૃત્તિમાં મળેલી મદદ**

સંઘની રાહત પ્રવૃત્તિમાં નીચે મુજબની રકમો સંઘને મળી છે જે સાભાર સ્વીકારવામાં આવે છે.

રૂા. ૨૦૦૦ શ્રી અમૃતલાલ દલપતભાઈ શેઠ મારફત

રૂા. ૧૦ શ્રી. ચંદુલાલ ટી. શાહ.

**શ્રી. મણિભાઈ સન્માન થેલી**

શ્રી. મણિલાલ મોકમચંદ શાહના સન્માન અર્થે એકઠી કરવામાં આવતી થેલીમાં તેમના મિત્રો તેમજ પ્રશંસકો તરફથી નાની મોટી રકમો સારા પ્રમાણમાં ભરાવા લાગી છે અને થોડા સમયમાં ધારણા મુજબની રકમ ભરાઈ જવા આશા રહે છે. જે જે ભાઈબહેનોએ આ થેલીમાં પોતાનો ફાળો મોકલી આપ્યો ન હોય તેમને વિના વિલંબે પોતાનો ફાળો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

# સંઘનો વાર્ષિક વૃત્તાંત પરિશિષ્ટ 'ક'

**ગયા વર્ષે શરૂ કરેલ સંઘના સામાન્ય ફાળામાં આજ સુધી એકઠી થયેલ રકમ તથા મદદ આપનારાઓની યાદી**

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૧૦૦૦ | શ્રી મણિલાલ મોકમચંદ શાહ |
| ૨૫૧ | ,, મોતીલાલ કલ્યાણજી |
| ૨૫૧ | ,, ધીરજલાલ કેશરીચંદ |
| ૨૫૧ | ,, રતિલાલ વર્ધમાન |
| ૨૫૦ | ,, ચંદુલાલ વર્ધમાન શાહ |
| ૨૦૧ | ,, કાંતિલાલ ભોગીલાલની કું. |
| ૨૦૦ | ,, ડાહ્યાલાલ ત્રીભોવનદાસ |
| ૨૦૦ | ,, તારાચંદ એલ. કોઠારી |
| ૧૫૧ | ,, મંગળદાસ જેઠાભાઈ મીસ્ત્રી |
| ૧૫૧ | ,, ચીમનલાલ પી. શાહ |
| ૧૫૧ | ,, ન્યાલચંદ મૂળચંદ શેઠ |
| ૧૫૧ | ,, દલીચંદ તેજચંદ દોશી |
| ૧૫૧ | ,, કેશવલાલ મંગળચંદ શાહ |
| ૧૨૫ | ,, ધીરૂભાઈ નેમચંદ શ્રોફ |
| ૧૨૫ | ,, માણેકલાલ અમુલખરાય મહેતા |
| ૧૦૧ | ,, આર. સૂર્યકાંતની કું. |
| ૧૦૧ | ,, શાંતિલાલભાઈ |
| ૧૦૧ | ,, બોમ્બે મોટર ટ્રેડીંગ કું. |
| ૧૦૧ | ,, વાડીલાલ મનસુખલાલ પારેખ |
| ૧૦૧ | ,, કાંતિલાલ બકોરદાસ |
| ૧૦૧ | ,, હસમુખભાઈ ત્રીભોવનદાસ |
| ૧૦૧ | ,, વીરચંદ પાનાચંદ શાહ |
| ૧૦૧ | ,, એક ગૃહસ્થ તરફથી |
| ૧૦૧ | ,, નરોત્તમદાસ અમરચંદ |
| ૧૦૧ | ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ |
| ૧૦૧ | ,, ત્રીકમલાલ મહાસુખરામ |
| ૧૦૧ | ,, જેઠાલાલ રામજીભાઈ |
| ૧૦૧ | ,, મોહનલાલ રતનચંદ |
| ૧૦૧ | ,, ફુલચંદ માણેકચંદ દોશી |
| ૧૦૧ | ,, પ્રવીણચંદ હેમચંદ અમરચંદ |
| ૧૦૧ | ,, રાઘવજી ગોવિંદજી સંઘરાજકા |
| ૧૦૧ | ,, એક ગૃહસ્થ તરફથી હા. અ. કા. દોશી |
| ૧૦૧ | ,, રેવાશંકર મંગળજી કામદાર |
| ૧૦૧ | ,, હરિલાલ કેશવજી ખેનાણી |
| ૧૦૧ | ,, બાપાલાલ આર. ગાંધી |
| ૧૦૧ | ,, ભોગીલાલ દોલતચંદ |

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૧૦૧ | શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી |
| ૧૦૧ | ,, પરશોત્તમદાસ ત્રીભોવનદાસ |
| ૧૦૧ | ,, ભોગીલાલ પ્રેમચંદની કું. |
| ૧૦૧ | ,, ચુનીલાલ ઉત્તમચંદની કું. |
| ૧૦૦ | ,, અમૃતલાલ નથુભાઈ |
| ૧૦૦ | ,, પુંજાભાઈ દીપચંદ |
| ૧૦૦ | ,, માણેકલાલ પ્રેમચંદ |
| ૧૦૦ | ,, બી. નગીનદાસની કું. |
| ૧૦૦ | ,, કેવળચંદ ઉમાભાઈ અવિચળ શેઠ |
| ૧૦૦ | ,, એક ગૃહસ્થ તરફથી |
| ૧૦૦ | ,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ |
| ૧૦૦ | ,, મણિલાલ જેઠાલાલ શાહ |
| ૭૫ | ,, મીલ સ્ટોર કું. |
| ૭૫ | ,, દીવાન બ્રધર્સ |
| ૭૫ | ,, સેવંતિલાલ કાંતિલાલ |
| ૭૫ | ,, ચમનલાલ વાડીલાલ |
| ૭૧ | ,, ચત્રભુજ સુંદરજી દોશી |
| ૫૧ | ,, મોહનલાલ આર. પરીખ |
| ૫૧ | ,, સ્વરૂપચંદ એન. શ્રોફ |
| ૫૧ | ,, હરિલાલ શંભુપ્રસાદ |
| ૫૧ | ,, ચીમનલાલ માનચંદ |
| ૫૧ | ,, માણેકલાલ વાડીલાલ નાણાવટી |
| ૫૧ | ,, જી. વીઠ્ઠલદાસની કું. |
| ૫૧ | ,, ડૉ૦ અમીચંદ છગનલાલ |
| ૫૧ | ,, શેઠ લાલજી રામજીભાઈ |
| ૫૧ | ,, ખુશાલચંદ કે. મહેતા |
| ૫૧ | ,, કાનજી શિવજી |
| ૫૧ | ,, પદમશી પ્રાગજી |
| ૫૧ | ,, ચીમનલાલ એમ. પરીખ |
| ૫૧ | ,, ભગવાનલાલ હરખચંદ |
| ૫૧ | ,, છોટાલાલ વિમળચંદ |
| ૫૧ | ,, એક ગૃહસ્થ તરફથી |
| ૫૧ | ,, હીરાલાલ મોતીચંદ |
| ૫૧ | ,, મોહનલાલ છોટાલાલ |
| ૫૧ | ,, એન. વી. મહેતા |
| ૫૧ | ,, ચીમનલાલ ચકુભાઈ શાહ |
| ૫૧ | ખીમચંદ મગનલાલ વોરા |

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૫૧ | શ્રી દીપચંદ ગોપાળજી |
| ૫૧ | ,, બીખાભાઈ ભુદરભાઈ કોઠારી |
| ૫૧ | ,, દુર્લભજી ઉમેદચંદ પરીખ |
| ૫૧ | ,, હરગોવિંદદાસ હસમુખભાઈ |
| ૫૧ | ,, શાંતિલાલ હીરાલાલ |
| ૫૧ | ,, ચંદુલાલ ટી. શાહ |
| ૫૧ | ,, હીંમતલાલ લલ્લુભાઈ |
| ૫૧ | ,, ભગવાનદાસ મગનલાલની કું. |
| ૫૧ | ,, વલ્લભદાસ ફુલચંદ મહેતા |
| ૨૫ | ,, મોહનલાલ નગીનદાસ |
| ૨૫ | ,, કાંતિલાલ ડી. શાહ |
| ૨૫ | ,, હીંમતલાલ ચુનિલાલ |
| ૨૫ | ,, ત્રીકમલાલ મગનલાલ |
| ૨૫ | ,, ગોકુળદાસ મોહનલાલ |
| ૨૫ | ,, પન્નાલાલભાઈ કે. વોરા બ્રધર્સ |
| ૨૧ | ,, ભાઈચંદ સવચંદ દોશી |
| ૨ | ,, ચત્રભુજ દેવચંદ |
| ૨ | ,, મુળચંદ હીરજી |
| ૧ | એક બહેન તરફથી |
| ૮૯૬૦ | |

**નીચેની રકમો વાચનાલય પુસ્તકાલયને મળી છે:**

| રૂપીઆ | મદદ આપનાર |
|---|---|
| ૨૫૦ | શ્રી ધીરજલાલ છગનચંદ કેશરીચંદ |
| ૧૦૧ | ,, મોતીલાલ મૂળજીભાઈ |
| ૧૦૧ | ,, છોટાલાલ ગોકળચંદ પાલણપુરવાળા |
| ૧૦૦ | ,, ગોકળજી ડોસજી |
| ૫૧ | મેસર્સ યુ. ડી. પટેલની કું. |
| ૫૧ | ,, એમ. જે. ચાલુવાળાની કું. |
| ૨૫ | ,, આર. વી. છબીલદાસની કું. |
| ૨૫ | શ્રી સી. આર. કોન્ટ્રાક્ટર |
| ૯૬૬૪ | |
| ૧૦૦૦ | શ્રી મણિલાલ વાડીલાલ નાણાવટી (રીઝર્વ ફંડ ખાતે) |
| ૧૦૬૬૪ | રૂા. આજ સુધીમાં કુલ વસુલ થયા |

# સંઘનો વાર્ષિક વૃત્તાન્ત પરિશિષ્ટ 'ખ'

**શ્રી વાંચનાલય પુસ્તકાલય સંવત ૧૯૯૯ના કારતક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીનો આવક તથા ખર્ચનો હિસાબ**

જમા

| | | | |
|---|---|---|---|
| ૮૫૯ | ૯ | ૦ | નીચેની વિગતે હવાલો |
| ૧૩૭ | ૧ | ૦ | ફંડના આવ્યા તે |
| ૧૮ | ૮ | ૦ | પાસ બુક ખાતે |
| ૭૦૪ | ૦ | ૦ | ભેટ ખાતે જમા |
| ૮૫૯ | ૯ | ૦ | |
| ૨૨૮ | ૧૦ | ૯ | આવક કરતાં ખર્ચ વધારે |
| ૧૦૮૮ | ૩ | ૯ | |

ઉધાર

| | | | |
|---|---|---|---|
| ૨૦૨ | ૮ | ૯ | શ્રી ખર્ચની વીગત |
| ૧૮૪ | ૨ | ૦ | છાપાઓના લવાજમના |
| ૦ | ૪ | ૦ | પરચુરણ ખર્ચના |
| ૧ | ૪ | ૯ | પોસ્ટ ખર્ચના |
| ૨ | ૨ | ૦ | સ્ટેશનરી ખર્ચના |
| ૦ | ૧૨ | ૦ | ફરતી લાયબ્રેરી ખર્ચ |
| ૧૪ | ૦ | ૦ | છપામણી ખર્ચના |
| ૨૦૨ | ૮ | ૯ | |
| ૮૮૫ | ૧૧ | ૦ | શ્રી સામાન્ય ખર્ચનો હવાલો કુલે ૧૭૭૧-૫-૯ ખર્ચ થયું તેના ૫૦ ટકા પ્રમાણેના પગાર ભાડું અને પરચુરણ. |
| ૧૦૮૮ | ૩ | ૯ | |

## પ્રબુદ્ધ જૈનનો સંવત ૧૯૯૯ ના કારતક સુદી ૧ થી આસો વદ ૦)) સુધીનો આવક તથા ખર્ચનો હિસાબ.

**જમા**

| | | | |
|---|---|---|---|
| ૧૭૫૮ | ૫ | ૬ | નીચેની વિગત પ્રમાણે |
| | | | ૧૨૦૩ ૫ ૬ પ્રબુદ્ધ જૈન લવાજમના આવ્યા. |
| | | | ૨૫ ૦ ૦ ભેટના આવ્યા |
| | | | ૫૩૦ ૦ ૦ સામાન્ય સભ્યના લવાજમના ૧૯૯૮ ના રૂ. ૨૨૦ અને ૧૯૯૯ ના રૂ. ૩૧૦ મળીને રૂ. ૫૩૦ નો હવાલો. |
| | | | ૧૭૫૮ ૫ ૬ |
| ૪૩૬ | ૨ | ૩ | આવક કરતાં ખર્ચ વધારે |
| ૨૧૯૪ | ૭ | ૯ | |

**ઉધાર**

| | | | |
|---|---|---|---|
| ૭૪૮ | ૧૨ | ૦ | શ્રી પત્ર ખાતે વિગત |
| | | | ૭૪૮ ૧૨ ૦ પત્ર માટેના કાગળો રૂ. ૧૧૩૩ ૧૨ ૦ ના લીધા તેમાંથી રૂ. ૩૮૫ ૦ ૦ કાગળો વેચ્યા તે બાદ જતાં રૂ. ૭૪૮ ૧૨ ૦. |
| | | | ૭૪૮ ૧૨ ૦ |
| ૧૪૪૫ | ૧૧ | ૯ | શ્રી ખર્ચની વિગત |
| | | | ૬૪૬ ૦ ૦ પેપર છપામણીના |
| | | | ૩૩૮ ૯ ૩ પોસ્ટ ખર્ચના |
| | | | ૧૮ ૫ ૦ પરચુરણ |
| | | | ૪૪૨ ૧૩ ૬ સામાન્ય ખર્ચનો હવાલો રૂ. ૧૭૭૧ ૫ ૯ના ૨૫ ટકા પ્રમાણેનો મકાન ભાડુ પગાર વગેરે. |
| | | | ૧૪૪૫ ૧૧ ૯ |
| ૨૧૯૪ | ૭ | ૯ | |

## સંઘની ઇતર પ્રવૃત્તિઓને લગતો સંવત ૧૯૯૯ના કારતક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીનો આવક જાવકનો હિસાબ

**જમા**

| | | | |
|---|---|---|---|
| ૭૪૭ | ૩ | ૩ | શ્રી આવક કરતા ખર્ચ વધારે |
| | | | ૭૪૭ ૩ ૩ હવાલો આવક જાવક ખાતામાં |
| ૭૪૭ | ૩ | ૩ | |

**ઉધાર**

| | | | |
|---|---|---|---|
| ૩૦૪ | ૬ | ૦ | શ્રી ખર્ચની વીગત |
| | | | ૩૯ ૬ ૦ પરચુરણ ખર્ચના |
| | | | ૨૫ ૧૩ ૦ સ્ટેશનરીના |
| | | | ૧૬ ૭ ૦ પોસ્ટના |
| | | | ૨૨૨ ૧૨ ૦ પર્યુષણ વ્યાખ્યાન માળામાં ૪૨૩ ૧૨ ૦ ખરચ થયો તેમાં રૂ. ૨૦૧ ૦ ૦ ભેટ આવેલા તે બાદ જતાં |
| | | | ૩૦૪ ૬ ૦ |
| ૪૪૨ | ૧૩ | ૩ | શ્રી સામાન્ય ખર્ચનો હવાલો કુલે ૧૭૭૧ ૫ ૯ માંથી ૨૫ ટકા પ્રમાણે પગાર-ભાડુ-લાઇટ વગેરેના |
| ૭૪૭ | ૩ | ૩ | |

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સંવત ૧૯૯૯ના આસો વદ ૦)) ના દીવસનું સરવૈયું.

**જમા**

| | | | |
|---|---|---|---|
| ૧૧૦૦ | ૦ | ૦ | શ્રી રીઝર્વ ફંડ ખાતે જમા |
| ૭ | ૪ | ૬ | ,, જૈન યુવક પરિષદ ખાતે |
| ૨૬૪૭ | ૪ | ૨ | ,, આવક જાવક ખાતે જમા |
| ૭૮૮૫ | ૦ | ૦ | ,, સામાન્ય ફંડ ખાતે જમા |
| ૨૧૨૩ | ૨ | ૦ | ,, પુસ્તકાલય અનામત ખાતે |
| ૫૨ | ૧૫ | ૦ | ,, માંદાની માવજતનાં સાધનો ખાતે |
| ૨૮૦ | ૦ | ૦ | ,, ફરતા પુસ્તકાલય અનામત ખાતે |
| ૬૫૪ | ૧૧ | ૯ | ,, રેશન રાહત ખાતે જમા |
| ૧૭ | ૪ | ૦ | ,, ડાહ્યાભાઇ (આફ્રીકા) ખાતે |
| ૧૫૦૭૭ | ૯ | ૫ | |

**ઉધાર**

| | | | |
|---|---|---|---|
| ૪૫૮ | ૧૪ | ૦ | શ્રી ફરનીચર ખાતે આગલા સાલના |
| ૧૨૩ | ૪ | ૦ | શ્રી ફરતા પુસ્તકાલય ખાતે |
| ૧૦૦ | ૦ | ૦ | શ્રી શાંતિલાલ ઠાકરસી ખાતે |
| ૫૪૫૯ | ૧૨ | ૦ | શ્રી બેંક ઓફ ઇન્ડીઆ ખાતે |
| ૨૦ | ૦ | ૦ | શાંતારામ ગંગારામ ખાતે |
| ૧૩ | ૦ | ૦ | શ્રી વિનોદચંદ જે. શાહને ખાતે |
| ૨૪૧૦ | ૮ | ૦ | શ્રી મ્યુનીસીપલીટી લોન ખાતે બાબત જે બે હજારની લોન લીધી તેની વિગત નીચે પ્રમાણે ૨૦૦૦) ભાવ ૧૧૮-૯-૦ તા૦ ૬-૮-૪૩. |
| ૪૨૩૬ | ૬ | ૨ | શ્રી ફુલ પાકાય ડીબેન્ચરો ખાતે બાબત જે કુલે ચાર હજારના લીધા તેની વિગત નીચે પ્રમાણે ૨૦૦૦) ભાવ ૧૦૫ પ્રમાણે ૨૦૦૦) ભાવ ૧૦૫-૮-૦ પ્રમાણે |
| ૧૬૯૩ | ૧૫ | ૯ | શ્રી પુસ્તકાલય પુસ્તક ખરીદ ખાતે |
| | | | ૧૨૭૬ ૧૧ ૩ ગઇ સાલના |
| | | | ૪૧૭ ૪ ૬ ચાલુ સાલના |
| | | | ૧૬૯૩ ૧૫ ૯ |
| ૫૫૧ | ૧૩ | ૮ | સીલક બાકી |
| ૧૫૦૭૭ | ૯ | ૫ | |

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાળબાદેવી રોડ, મુંબઇ. ૨